RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


Date:- 20-06-2026 I VOL : 12 I Issue : 95 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જીવનમાં હંમેશા શીખતા રહો. આશા ક્યારેય છોડશો નહીં.

3  પાલનપુરમાં એક ઇંચ વરસાદે પાલિકાના કરોડો રૂપિયાના 'પ્રિ-મોન્સૂન...

4  દુનિયાના અમીરો કેમ છોડી રહ્યા છે પોતાના દેશ?

6  પરિવાર સામે લડીને તૃપ્તિએ પોતાનું સ્વપ્ન પૂરૂ કર્યું

7  'ગૌતમ ગંભીરને હટાવો' ટીમ ઈન્ડિયાના હેડ કોચ પર ભડક્યો શ્રીસંત

## એક નજર...

### અભિનેત્રી સંદીપા ધરે કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



સંદિપા ધરએ અભિનયની શરુઆત 2010માં આવેલી ફિલ્મ ઈસી લાઈફ મે થી કરી હતી. આ ફિલ્મમાં તેમના અભિનય માટે તેમને શ્રેષ્ઠ નવોદિત કલાકાર માટે ફિલ્મફેર એવોર્ડ, સ્ટાર સ્ક્રીન એવોર્ડ અને સ્ટારડસ્ટ એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી હતી. સંદીપા ધરનો જન્મ શ્રીનગરમાં એક કાશ્મીરી પંડિત પરિવારમાં થયો હતો.

## NEWS TRACK

### અમેરિકા-ઈરાન પીસ ડીલ વચ્ચે હીઝબુલ્લાહ ઇઝરાયેલ યુદ્ધ ચાલુ : 16 નાં મોત અનેકને ઇજાઓ

પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધ ભલે અટકી ગયું હોય પરંતુ ઈઝરાયેલ લેબેનોન ઉપર હુમલા કરવાનું ચાલુ રહ્યું છે. ઈઝરાયલી સેનાએ ગુરૂવારે રાત્રે જણાવી દીધું હતું કે તેણે દક્ષિણ લેબેનોનના કેટલાયે વિસ્તારમાં રહેલા હિઝબુલ્લાહના મકાનો ઉપર હુમલા કર્યા છે. ગુરૂવારે થયેલા આ યુદ્ધમાં આશરે ૧૬ જેટલાં લોકોનાં મોત થયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયા હતા. આટલું જ નહીં પરંતુ ઈઝરાયલી સેનાએ જણાવ્યું હતું કે હિઝબુલ્લાહ જો હજી પણ હુમલા કરતા રહેશે તો અમે તેથી બમણા વળતા હુમલા કરતા રહીશું. લેબેનોનની સરકારી મીડિયા સંસ્થાએ જણાવ્યું હતું કે ગુરૂવારે મોડી રાત્રે ઈઝરાયેલ ખાતે પણ ભારે નુકસાન થયું હતું. ઈઝરાયેલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચે વર્ષોથી સંઘર્ષ ચાલે છે. તેમાંયે જ્યારે અમેરિકા અને ઈરાન શાંતિ-મંત્રણાની સફળતા પછી આનંદ આનંદ થઈ રહ્યો છે. ત્યારે જ ઈઝરાયલે આ હુમલો કર્યો.

### અમેરિકા-ઈરાન ડીલ પર સુપ્રીમ લીડર મુજતબાનો પહેલો પ્રતિભાવ : ટ્રમ્પને વિવશતાને લીધે આ કરવું પડયું છે

અમેરિકા-ઈરાન યુધ્ધ ખત્મ થયું છે. પરંતુ સમજૂતી સધાયા પછી ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈનો પહેલો પ્રતિભાવ આવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે, અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે, વિવશતાને લીધે, આ સમજૂતી કરવા માટે, તેમની ઉપર થયેલા દબાણ પછીએ તેમણે દરેક પ્રકારના ઉપાયો કર્યા. છેવટે, સમજૂતીને મંજૂરી આપવી પડી. આમ છતાં આથી વધુ કશું કહેવાનો તેમણે ઈનકાર પણ કર્યો. માત્ર તેટલું જ કહ્યું કે, વાસ્તવમાં તેમનો મત જુદો હતો. છતાં તેમણે તે સમજૂતી થવા દીધી. કારણ કે, પ્રમુખ પેઝેશ્કીયાને તેમને ખાતરી આપી હતી કે, તેઓ ઈરાનના રાષ્ટ્રના અધિકારોની સુરક્ષા કરશે. સુપ્રીમ લીડરે તેમ પણ કહ્યું કે, ભવિષ્યમાં તહેરાન અને વોશિંગ્ટન વચ્ચે સામ-સામી મંત્રણા થશે. પરંતુ તેનો અર્થ તેવો નથી કે, દુશ્મનનાં વલણ કે સ્થિતિનો સ્વીકાર કરાયો છે. આ પહેલી વાર જ તેવું બન્યું છે કે, જ્યારે ખામેનેઈએ આ સમજૂતી અંગે કોઈ પ્રત્યાઘાતો આપ્યા હોય. જો કે પ્રમુખ ટ્રમ્પે ખામેનેઇનાં આ વિધાનો અંગે કોઈ સીધી પ્રતિક્રિયા આપી નથી.

### પગપાળા ચાલવાનો અધિકાર વાહનો કરતા મહત્વનો

# ફૂટપાથ પર ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર: સુપ્રીમ કોર્ટ

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટે વચગાળાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે ફ્રાન્સના પેલેસમાં આ સંબંધિત MoU પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન હાજર હતા. ટ્રમ્પ પછી ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને પણ ઈરાનથી ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કર્યા. કરારની જાહેરાત ભારતીય સમય મુજબ ગુરુવારે સવારે 5:30 વાગ્યે કરવામાં આવી. તે તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો.

આ કરાર હેઠળ ઈરાન અને લેબનોનમાં સૈન્ય કાર્યવાહી સમાપ્ત કરવામાં આવશે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવશે અને અમેરિકાની નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવામાં આવશે. આ કરાર પર 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં જીનીવા નજીક લ્યુસર્ન શહેરમાં હસ્તાક્ષર થવાના હતા, પરંતુ નિર્ધારિત કાર્યક્રમ કરતાં એક દિવસ વહેલા જ તેના પર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા. લેબનાનની સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, ગુરુવારે દક્ષિણ લેબનાનમાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા. એજન્સીએ જણાવ્યું કે કફર તેબનિત કસબામાં એક કારને નિશાન બનાવીને કરવામાં આવેલા ઈઝરાયલી ડ્રોન હુમલામાં બે લોકોના જીવ ગયા. આ પહેલા એક વ્યક્તિના મોતની જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, જેબદિન કસબા પર થયેલા અન્ય એક ઈઝરાયલી હુમલામાં વધુ એક વ્યક્તિનું મોત થયું. લેબનાનની સરકારી એજન્સી અનુસાર, 2 માર્ચથી અત્યાર સુધી ઈઝરાયલી હુમલાઓમાં 3,900 થી વધુ લોકો માર્યા ગયા છે.

## NEET-UG રિ-એક્ઝામ પહેલા સરકાર-NTAનો મોટો નિર્ણય

નવી દિલ્હી

21 જૂને યોજાનારી NEET UGની રિ-એક્ઝામને લઈને સરકાર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે NTA પૂરી રીતે એક્શન મોડમાં છે. આ પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે અનિયમિતતા રોકવા માટે આ વખતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ કડક તૈયારીઓના ભાગરૂપે શનિવારે દેશભરના તમામ પરીક્ષા કેન્દ્રો પર એક વ્યાપક મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી રાત સુધી સુરક્ષાની આખરી ચકાસણી પરીક્ષાને સંપૂર્ણપણે સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે શનિવારે સવારે 9 વાગ્યાથી લઈને મોડી રાત સુધી મોક ડ્રીલ ચલાવવામાં આવશે. NTA દ્વારા દેશના તમામ પરીક્ષા કેન્દ્રોને અગાઉથી જ પોતાના નિયંત્રણમાં લઈ લેવામાં આવ્યા છે. આ મેગા ઓપરેશનમાં દેશભરમાંથી અંદાજે 2.5 લાખ જેટલા સુરક્ષાકર્મીઓ જોડાશે અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરશે. આ વખતે પરીક્ષા માટે વિશેષ રૂપે થ્રી-લેયર સિક્યોરિટી એટલે કે ત્રિસ્તરીય સુરક્ષા કવચ તૈયાર કરવામાં આવ્યું છે. પ્રશ્નપત્રો અને ઉત્તરવહીઓને લાવવા, લઈ જવા તેમજ તેને સુરક્ષિત રાખવાની સંપૂર્ણ જવાબદારી અર્ધસૈનિક દળોને સોંપવામાં આવી છે.

# રામમંદિર બાદ કર્ણાટકના પ્રસિદ્ધ યોગ નરસિમ્હા સ્વામી મંદિરમાં દાનચોરી

### મુખ્ય પૂજારી સહિત 6 સામે એક્શન લેવામાં આવ્યું

માંડયા

અયોધ્યાના રામમંદિર બાદ કર્ણાટકના માંડ્યા જિલ્લાના મેલુકોટ સ્થિત ઐતિહાસિક અને અત્યંત લોકપ્રિય યોગ નરસિમ્હા સ્વામી મંદિરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં શ્રદ્ધાળુઓ દ્વારા આસ્થાપૂર્વક ચઢાવવામાં આવતા દાનપાત્ર(હુંડી) માંથી ચોરી થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં મંદિરના મુખ્ય પૂજારી સહિત કુલ છ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ડ્યુટીમાં બેદરકારી બદલ લેવાયા કડક પગલાં મંદિર વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કડક પગલાં હાલમાં ચોરીમાં સીધી સંલિપ્તતાના કારણે નહીં, પરંતુ મંદિરની સુરક્ષા વ્યવસ્થામાં રાખવામાં આવેલી ઘોર બેદરકારી અને વહીવટી જવાબદારીઓ નિભાવવામાં થયેલી ચૂક બદલ લેવામાં આવ્યા છે. માંડ્યાના ડેપ્યુટી કમિશનર(ઉપાયુક્ત) દ્વારા આ સુરક્ષા ખામીને અત્યંત ગંભીર ગણાવવામાં આવી હતી. ત્યારબાદ મંદિરના કાર્યકારી અધિકારી શીલા દ્વારા આ તમામ છ લોકોના સસ્પેન્શનનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો હતો. યોગ નરસિમ્હા સ્વામી મંદિર કર્ણાટકના સૌથી પ્રમુખ ધાર્મિક સ્થળોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો ભક્તો દર્શનાર્થે આવે છે અને મોટું દાન ચઢાવે છે. આવા પ્રતિષ્ઠિત મંદિરની અંદર સીસીટીવી અને સુરક્ષાકર્મીઓની હાજરી હોવા છતાં દાનપાત્રમાંથી ચોરી કેવી રીતે થઈ, તે વહીવટીતંત્ર માટે મોટો સવાલ બન્યો છે. હાલમાં પોલીસ અને વહીવટી એજન્સીઓ દ્વારા આ મામલે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. તપાસનો આખરી અહેવાલ આવ્યા બાદ આ કેસમાં વધુ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# નર્મદાની છાતી ચિરાઈ: કરજણમાં ધારાસભ્યની ઓથ હેઠળ કરોડોનું ગેરકાયદે ખનન કૌભાંડ!

## 100થી વધુ ડમ્પર અને હિટાચી મશીનો દ્વારા કુદરતી સંપત્તિની લૂંટ! ગાંધીનગર સુધી હપ્તાખોરી સેટ હોવાની ચર્ચાથી ખળભળાટ!




કરજણ/વડોદરા: સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન રિપોર્ટ, પાક્કો ગુજરાત ન્યૂઝ.

ગુજરાતમાં કાયદાનું શાસન છે કે પછી નેતાઓ અને માફિયાઓની મિલીભગતનું? આ સવાલ એટલા માટે ઉઠી રહ્યો છે કારણ કે વડોદરાના કરજણ તાલુકાના વિનગરવાડા ગામમાં સાસરોડ વાળા રોડથી નારેશ્વર તરફ જતી નર્મદા નદીના પટમાં કુદરતી સંપત્તિની બેફામ લૂંટ ચલાવવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કરજણના ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલની સીધી ભાગીદારીમાં ગોકુલ ભરવાડ નામના શખ્સ દ્વારા અહીં મોટા પાયે ગેરકાયદેસર રેતી અને માટી ખનનનું મસમોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે!




### મશીનરીનો આખો કાફલો અને કરોડોની રોયલ્ટી ચોરી!

નર્મદાના પટને જાણે કોઈની બીક જ ન હોય તેમ ફેંદી નાખવામાં આવી રહ્યો છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, સ્થળ પર ૧૦૦ થી ૧૨૫ ડમ્પર, ૨૦ થી ૨૫ જેસીબી મશીનો, અને ૧૫થી વધુ હિટાચી તથા લોડર મશીનો દિવસ-રાત જોતરી દેવામાં આવ્યા છે. લીઝના ઓથા હેઠળ સરકારી નિયમોના ધજાગરા ઉડાવી, સરકારમાં માત્ર જૂજ રોયલ્ટી ભરીને મહિને કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરી આચરવામાં આવી રહી છે.

### ગાંધીનગરથી લઈને મામલતદાર સુધી બધું 'સેટ'?

આ આખા ખનન માફિયા રાજ સામે ગામના સ્થાનિક લોકોએ તંત્રને અનેક રજૂઆતો કરી, પણ પરિણામ 'મીંડું' આવ્યું!

અધિકારીઓ લાચાર: સ્થાનિક પ્રાંત અધિકારી કે મામલતદાર સ્થળ તપાસ કરવાની હિંમત સુદ્ધાં કરતા નથી.

હપ્તાખોરીની ચર્ચા: લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે ધારાસભ્ય અક્ષય પટેલનો સીધો સંપર્ક સીએમ (CM) ઓફિસ સુધી છે, જેના કારણે વડોદરા ખાણ-ખનીજ વિભાગથી લઈને ઉપર ગાંધીનગર સુધી મહિને લાખો રૂપિયાના હપ્તા પહોંચાડી 'બધું સેટ' કરી દેવાયું છે!

ફ્લાઈંગ સ્ક્વોડ મૌન: ગાંધીનગર ફ્લાઈંગ સ્ક્વોડના ચાવડા નામના અધિકારીને પણ આ ગેરકાયદે ખનનની સચોટ માહિતી આપવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કેમ ન થઈ?

### ગુનાહિત ઈતિહાસ ધરાવતા માફિયા પર કોના ચાર હાથ?

જે ગોકુલ ભરવાડના નામે આ આખું નેટવર્ક ચાલે છે, તેની અગાઉ ગેરકાયદેસર રિવોલ્વર (હથિયાર) રાખવાના ગુનામાં ધરપકડ થઈ ચૂકી છે! આવા રીઢા ગુનેગારો ધારાસભ્યના જોરે સરકારી મિલકતો સરેઆમ લૂંટી રહ્યા છે, જે કાયદો અને વ્યવસ્થા સામે મોટો પડકાર છે.

### સવાલ જનતાનો: શું આ કૌભાંડ સરકારના નાક નીચે ચાલે છે?

'પાક્કો ગુજરાત' સરકારને અને વહીવટી તંત્રને સણસણતો સવાલ પૂછે છે કે, શું કરજણના ધારાસભ્ય આગળ કાયદો વામણો સાબિત થઈ રહ્યો છે? હવે આ મામલે કડક કાર્યવાહીની માંગ સાથે સ્થાનિકો દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા (SP) સમક્ષ પુરાવા સાથે રજૂઆત કરવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે.

હવે જોવાનું એ રહેશે કે ભ્રષ્ટાચાર સામે 'ઝીરો ટોલરન્સ'ની વાતો કરતી સરકાર આ કરોડોના રેતી કૌભાંડ પર બુલડોઝર ફેરવશે કે પછી નેતાજીના દબાણ હેઠળ નર્મદા નદીને માફિયાઓના હવાલે જ છોડી દેવાશે?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## આમોદમાં ખાતર માટે ખેડૂતોની વેહલી સવારથી જ લાંબી લાઈનો લાગી

વાગરા, સૈફ અલી ભટ્ટી

આમોદ નગર સહિત તાલુકામાં ખાતરની અછત વચ્ચે ખેડૂતોને ખાતર મેળવવા માટે વલખાં મારવાનો વારો આવ્યો હતો.સરકાર દ્વારા આમોદ તાલુકા ખરીદ-વેચાણ સંઘ ખાતે માત્ર ૩૦૦ ગુણ ખાતર ફાળવવામાં આવ્યું હતું.જેથી ખરીદ વેચાણ સંઘ ખાતે ખેડૂતોની ભારે ભીડ જોવા મળી હતી. સંઘના મેનેજર દ્વારા એક ખેડૂત દીઠ પાંચ ગુણ ખાતર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેના અનુસંધાને આશરે ૬૦ જેટલા ખેડૂતોને કૂપન આપવામાં આવી હતી.જોકે સવાર ૪ વાગ્યાંથી ઉઠીને આવેલા તાલુકાના ખેડૂતોને ખાતર ન મળતા ભારે નિરાશા સાથે પરત ફરવું પડ્યું હતું.આ અંગે સંઘના મેનેજરે જણાવ્યું હતું કે સરકારના માર્ગદર્શન મુજબ ખાતરનું કાળાબજાર અને સંગ્રહખોરી અટકાવવા માટે મર્યાદિત જથ્થામાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આમોદ તાલુકામાં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ કરાવવા ખેડૂત ખાતેદારોમાં માંગ ઉઠવા પામી હતી.

## ઇડર દિવેલા સંઘે 'સંયોગી TAG-73' મગફળી બીજ ઉત્પાદન શરૂ કર્યું

ઈડર, જાકીર મેમણ

ખેડૂતોની આવક વધારવા અને કૃષિમાં આત્મનિર્ભરતા માટે નવી પહેલઈડર દિવેલા સંઘે ખેડૂતોને વધુ ઉત્પાદન અને સારી આવક મળે તે હેતુથી ઉચ્ચ ગુણવત્તાવાળા મગફળીના નવા બીજ 'સંયોગી TAG-73' નું ઉત્પાદન શરૂ કર્યું છે. આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેશનલ મિશન ઓન એડિબલે ઓઈલ્સ - ઓઈલસીડ્સ (NMEO-OS) અભિયાનને મજબૂત બનાવશે. દિવેલા સંઘના સંચાલકોના જણાવ્યા અનુસાર, આ માત્ર બીજ ઉત્પાદનનો પ્રોજેક્ટ નથી, પરંતુ ખેડૂતોની આવકમાં વધારો, ઉત્પાદનક્ષમતામાં વૃદ્ધિ અને કૃષિ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવાના હેતુથી શરૂ કરાયેલું એક મહત્વપૂર્ણ મિશન છે.

નવા બીજ 'સંયોગી TAG-73' ખેડૂતોને વધુ ઉપજ, ઉત્તમ ગુણવત્તા અને સ્થિર આવક પ્રદાન કરવામાં મદદરૂપ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રયાસ ખેડૂત કલ્યાણના ક્ષેત્રમાં એક નવું સોપાન સાબિત થશે.

સંઘ દ્વારા "વિકસિત કૃષિ - સમૃદ્ધ ખેડૂત" ના સંકલ્પને સાકાર કરવા માટે ખેડૂતોને આધુનિક અને ગુણવત્તાસભર બીજ ઉપલબ્ધ કરાવી કૃષિ વિકાસને નવી દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દિવેલા સંઘનો સંકલ્પ "ઉત્તમ બીજ - સમૃદ્ધ ખેડૂત - આત્મનિર્ભર ભારત" છે.આગામી સમયમાં પણ ખેડૂતોના હિતોને કેન્દ્રમાં રાખી કૃષિ વિકાસ અને ખેડૂત કલ્યાણ માટે વિવિધ યોજનાઓ તથા નવી પહેલો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ કૃષિ ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવશે તેવી અપેક્ષા છે.

## સર્વે નંબર-940ની જમીન ખોટા ઠરાવના આધારે ફાળવી દેવામાં આવી હતી : સારોદ ગામે વનીકરણના નામે કંપનીનેઅપાયેલ 30 એકર જમીન ખુલ્લી કરાઇ

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકાના સારોદ ગામમાં ગૌચર જમીનને લઈને લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાં નવો વળાંક આવ્યો છે. ગામની ગૌચર તરીકે નોંધાયેલી સર્વે નંબર 940ની આશરે 30 એકર જમીન કથિત રીતે ગેરરીતિપૂર્વક વનીકરણ માટે ફાળવવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે હવે આ જમીન પર કરાયેલા ફેન્સિંગને દૂર કરવાની કામગીરી શરૂ થતાં ગ્રામજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

ગામના માજી સરપંચ ઈમરાન યુસુફ પટેલના જણાવ્યા મુજબ, સારોદ ગામ નજીક આવેલી પીઆઈ કંપનીના વિસ્તરણ અને પર્યાવરણ સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખી કંપનીને નજીકમાં જ વૃક્ષારોપણ માટે જમીનની જરૂર હતી. જોકે કંપની અન્યત્ર જમીન મેળવી શકતી હોવા છતાં ગામની ગૌચર જમીનને પસંદ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈમરાન પટેલે જણાવ્યું હતું કે ગૌચર જમીન ગામના હજારો પશુઓ માટે ચરિયાણનો મુખ્ય આધાર છે. તેમ છતાં ગ્રામ પંચાયત દ્વારા યોગ્ય મંજૂરી અને કાયદાકીય પ્રક્રિયા વગર ઠરાવ કરી ગૌચરની જમીન વનીકરણ માટે ફાળવવામાં આવી હતી. આ બાબતે સ્થાનિકો દ્વારા અનેક વખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો તેમજ સંબંધિત વિભાગોને લેખિત અને મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી હતી. વન વિભાગ તરફથી સત્તાના જોરે ગૌચર જમીન ઉપર સિમેન્ટના થાંભલા ઊભા કરી લોખંડના તાર વડે ફેન્સિંગ કરવામાં આવ્યું હતું. જેના કારણે ગામના રબારી સમાજ સહિત અન્ય પશુપાલકોના આશરે 2,000થી વધુ પશુઓ માટે ચરિયાણનો ગંભીર પ્રશ્ન ઊભો થયો હતો.

## દેવગઢ બારિયા APMCમાં અમરસિંહ રાઠવા ફરી ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (APMC) ખાતે ચેરમેન પદની ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીને લઈને છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય વર્તુળોમાં અનેક અટકળો ચાલી રહી હતી. જોકે અંતે ભારતીય જનતા પાર્ટી દ્વારા અમરસિંહ રાઠવાના નામ પર ફરીથી મોહર મારવામાં આવી હતી. ચેરમેન પદ માટે અમરસિંહ રાઠવાએ ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અન્ય કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી ન હોવાથી અમરસિંહ રાઠવા બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. અમરસિંહ રાઠવા ફરીથી ચેરમેન તરીકે ચૂંટાતા ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યકરોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી જીતની ઉજવણી કરી હતી. દેવગઢ બારિયા APMCના ચેરમેન તરીકે અમરસિંહ રાઠવાની પુનઃ વરણી થતાં બજાર સમિતિના વિકાસ કાર્યોને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## 10 પોલીસ સ્ટેશનનો મોસ્ટ વોન્ટેડ 'સુનિલ બ્રહ્મભટ્ટ' આખરે ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં!

ગાંધીનગર

ધ્યાનથી જોઈ લો આ ચહેરાને! ચોથી જાગીર ગણાતા પત્રકારત્વને કલંકિત કરતો આ એ જ શખ્સ છે જે પત્રકારના નામે નિર્દોષ લોકોને ડરાવી-ધમકાવીને લાખો રૂપિયાનો તોડ કરતો હતો. જો આ ચહેરો તમારા કોઈ પરિચિતના ત્યાં તોડ કરવા આવ્યો હોય અથવા તમને ધમકાવ્યા હોય, તો હવે ડરવાની જરૂર નથી. ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનની આંખમાં ધૂળ નાખીને છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આ હાઈપ્રોફાઈલ ખંડણીખોરને આખરે ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો છે. પત્રકારના નકલી મહોરા પાછળ છુપાયેલા આ કુખ્યાત આરોપીનું નામ છે સુનિલ બ્રહ્મભટ્ટ! અડાલજ પોલીસ મથકમાં આ શખ્સ વિરુદ્ધ પત્રકારના નામે ધાક-ધમકી આપી ખંડણી (તોડ) માંગવાનો ગુનો નોંધાયો હતો, ત્યારથી તે પોલીસને હંફાવી રહ્યો હતો. પરંતુ કાયદાના લાંબા હાથથી આ શાતિર ગુનેગાર બચી શક્યો નથી. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે સચોટ બાતમીના આધારે આયોજનબદ્ધ જાળ બિછાવીને આ મોસ્ટ વોન્ટેડ તોડબાજને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જે ખુલાસા થયા છે તે ચોંકાવનારા છે. આ કોઈ નાનો-મોટો ગઠિયો નથી, પણ આખા ગુજરાતમાં નેટવર્ક ધરાવતો રીઢો ગુનેગાર છે.

### તંત્રને ઘોર નિદ્રામાંથી જગાડતો અહેવાલ

# શહેરામાં મોટી હોનારતની રાહ જોતું નગરપાલિકા તંત્ર!



શહેરા નગરપાલિકા વિસ્તારના જાહેર માર્ગો અને ચોકો પર લાગેલા મોટા-મોટા હોર્ડિંગ બોર્ડ અત્યંત જોખમી અને જર્જરિત હાલતમાં લટકી રહ્યા છે...!

પંચમહાલ (આફતાબ શેખ)

શું શહેરા નગરપાલિકા કોઈ માસૂમનો જીવ લેવાની રાહ જોઈ રહી છે? શું તંત્રના કાન સુધી જનતાની ચીસ પહોંચાડવા માટે કોઈ મોટી દુર્ઘટના ઘટવી જરૂરી છે? પંચમહાલના શહેરા નગરમાંથી અત્યારે જે દ્રશ્યો અને અહેવાલો સામે આવી રહ્યા છે, તે જોતા તો એવું જ લાગી રહ્યું છે કે વહીવટી તંત્ર 'કાગડો બેસે ને ડાળ પડે' તેવી ઘાતક આળસ ઓઢીને બેઠું છે!

વાવાઝોડા અને ભારે પવનની મોસમ માથે છે, ત્યારે શહેરા નગરપાલિકા વિસ્તારના જાહેર માર્ગો અને ચોકો પર લાગેલા મોટા-મોટા હોર્ડિંગ બોર્ડ અત્યંત જોખમી અને જર્જરિત હાલતમાં લટકી રહ્યા છે. આ હોર્ડિંગ્સના લોખંડના માળખા અને પતરાં કટાઈ ગયા છે, કેટલીક જગ્યાએ તો એ ફાટીને અધ્ધર શ્વાસે ઝૂલી રહ્યા છે. ગમે ત્યારે આવતા-જતા વાહનચાલકો કે રાહદારીઓ પર આ 'મોતનું બોર્ડ' તૂટી પડે તેવી પૂરેપૂરી આશંકા છે. સ્થાનિક લોકમુખે એક જ ચર્ચા અને આક્રોશ જોવા મળી રહ્યો છે કે, રોજ આ રસ્તા પરથી હજારો લોકો પસાર થાય છે. જો અચાનક ભારે પવન ફૂંકાય અને આ મસમોટા હોર્ડિંગ્સ નીચે ખાબકે, તો જવાબદાર કોણ? શું નગરપાલિકાના અધિકારીઓ ઓફિસના એસી કમરામાંથી બહાર નીકળીને આ જોખમ જોવાની તસ્દી લેશે ખરા? જનતા સવાલ પૂછી રહી છે કે: કોઈનો જીવ ગયા પછી જ કાગળ પરની તપાસના નાટક શરૂ થશે કે પછી સમય રહેતા જાગશો?

'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ:

જ્યારે સામાન્ય નાગરિક ટેક્સ ભરે છે, તો તેની સુરક્ષા રામભરોસે કેમ? આવા જોખમી હોર્ડિંગ્સ લગાવનારાઓ સામે અને તેને ન હટાવનારા અધિકારીઓ સામે કડક પગલાં કેમ નથી લેવાતા?

હવે જોવાનું એ રહ્યું...

આ અહેવાલ બાદ પણ શહેરા નગરપાલિકા અને સંબંધિત વહીવટી વિભાગ કુંભકર્ણની નિદ્રામાંથી જાગે છે કે નહીં? આ જોખમી હોર્ડિંગ્સ તાત્કાલિક ઉતારીને જનતાને ભયમુક્ત કરવામાં આવે છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવામાં આવે છે? તે તો હવે આવનારો સમય જ બતાવશે.

### પોરબંદર જિલ્લામાં 647.69 લાખના 249 વિકાસ કામોનું આયોજન રજૂ

## પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસલક્ષી કાર્યો, સરકારની જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણ તેમજ વિવિધ યોજનાઓની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની વિવિધ જોગવાઈઓ, એટીવીટીના કામો, વિવેકાધીન જોગવાઈ, MPLADS હેઠળના કામો, બદલવા માટે સૂચવાયેલા તથા રદ કરવાના કામો તેમજ મંજૂરી માટે રજૂ થયેલા વિકાસકાર્યો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ સહિતના વિવિધ પ્રકલ્પોની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ મળે તે માટે વિવિધ વિભાગોના





અધિકારીઓ પાસેથી કામગીરીની વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિકાસકાર્યો ગુણવત્તાપૂર્વક અને સમય મર્યાદામાં પૂર્ણ થાય તેમજ સરકારની યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

તેમણે જિલ્લાના તમામ તાલુકા અને વિસ્તારોમાં સર્વાંગી, સંતુલિત તથા સમાન વિકાસ સુનિશ્ચિત થાય તે માટે સુદ્રઢ આયોજન અને અસરકારક અમલીકરણ કરવા તેમજ પાછલા વર્ષોના બાકી રહેલા કામોને પ્રાથમિકતા ધોરણે પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ચાલુ વર્ષમાં આયોજનમાં સમાવિષ્ટ તમામ કામો સમયસર અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. સાથે જ તાલુકા સ્તરે દર ગુરુવારે તલાટી મંત્રીઓની બેઠકમાં ગ્રામ વિકાસના કાર્યોની પ્રગતિની સમીક્ષા કરવા પણ સૂચન કરવામાં આવ્યું હતું. બેઠકમાં માર્ગ અને મકાન, શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠા, કૃષિ, ગ્રામ વિકાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત જિલ્લાના વિકાસ માટે જરૂરી આયોજન, ભાવિ વિકાસકાર્યો અને પ્રાથમિકતાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## જેતપુર-જૂનાગઢ હાઇવે પર ગમખ્વાર અકસ્માત : ઇકો કારની અડફેટે અજાણ્યા રાહદારીનું મોત થયું

જેતપુર

જેતપુર નજીક જેતપુર-જૂનાગઢ નેશનલ હાઈવે પર આવેલા જેતલસર રેલવે ઓવરબ્રિજ પાસે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવતી એક ઈકો કારે પગપાળા પસાર થઈ રહેલા એક અજાણ્યા રાહદારીને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે આ અકસ્માતમાં ઈકો કારના ચાલકને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ-સોમનાથ હાઈવે પર જેતલસર રેલવે ઓવરબ્રિજ નજીકથી એક અજાણ્યો વ્યક્તિ પગપાળા પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થતી એક ઈકો કારના ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે રાહદારીને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતા કાર ચાલકને પણ ઈજાઓ પહોંચી હતી.

આ બનાવની જાણ થતાં જ જેતપુર તાલુકા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે અકસ્માત સ્થળે જરૂરી પંચનામાની કાર્યવાહી કરી, અજાણ્યા મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. હાલ પોલીસે અજાણ્યા મૃતકની ઓળખ મેળવવા તેમજ અકસ્માત સર્જનાર ઈકો કારના ચાલક સામે ગુનો નોંધવા સહિતની આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### ચોમાસાનું પહેલું જ ટ્રેલર સુપરફ્લોપ!

## સાવલીમાં કરોડોના ખર્ચે બનેલો ધનતેજ-સધાપુરા રોડ પહેલા જ વરસાદમાં ધોવાયો

ગાંધીનગર

ગુજરાતમાં હજુ તો ચોમાસાની જમાવટ થઈ રહી છે અને વરસાદના શરૂઆતના રુઝાન આવવાના શરૂ થયા છે, ત્યાં જ વડોદરાના સાવલી તાલુકામાંથી તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાન અને રોડ રસ્તાની નબળી ગુણવત્તાના ધજાગરા ઉડાવતા સમાચાર સામે આવ્યા છે. સાવલીના ધનતેજ અને સધાપુરા ગામને જોડતો મુખ્ય માર્ગ સીઝનના શરૂઆતના વરસાદમાં જ ધોવાઈ ગયો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ રસ્તાની આવી હાલત થતાં જ કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓની મિલીભગત ફરી એકવાર સપાટી પર આવી ગઈ છે.

હજુ તો ભારે વરસાદની ધમાકેદાર બેટિંગ બાકી છે, ત્યાં જ સામાન્ય વરસાદી ઝાપટાંમાં આ મુખ્ય માર્ગનો કેટલોક હિસ્સો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયો છે. રસ્તા પર મોટા-મોટા ખાડા પડી ગયા છે અને સાઈડના પ્રોટેક્શન વોલ પણ ધોવાઈ ગઈ છે. રસ્તાનું ધોવાણ એટલી હદે થયું છે કે અહીંથી પસાર થવું એટલે જીવનું જોખમ ખેડવા બરાબર છે. ધનતેજ અને સધાપુરા વચ્ચે અવરજવર કરતા સેંકડો ગ્રામજનો અને નોકરીયાત વર્ગ માટે આ માર્ગ આશીર્વાદ સમાન હતો, જે હવે આફત બની ગયો છે. રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો માટે અકસ્માતનો મોટો ખતરો ઊભો થયો છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો ખાડા અને ધોવાયેલા રસ્તાને કારણે સ્લિપ થઈ રહ્યા છે.

સ્થાનિક ગ્રામજનોનો આક્ષેપ છે કે આ રસ્તાના નિર્માણમાં ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરવાના કારણે જ રસ્તો પહેલા જ વરસાદમાં ધોવાઈ ગયો છે.

થાનિકોનો રોષ: 'અમે પ્રામાણિકપણે ટેક્સ ભરીએ છીએ, પણ બદલામાં અમને આવા ત્રીજા દરજ્જાના રસ્તા મળે છે? જો શરૂઆતના રુઝાન આવા હોય, તો આખું ચોમાસું અમારે ક્યાં જવું? આ નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટરનું લાયસન્સ તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવું જોઈએ.'

## અમેરિકા જવાની ઘેલછામાં પરણિતા ફસાઈ; પાસપોર્ટ ઓફિસની નોટિસે કલોલના ઠગ એજન્ટની પોલ ખોલી

ગાંધીનગર

વિદેશ જવાના મોહમાં નાગરિકો અવારનવાર ઠગબાજોની જાળમાં ફસાઈ જતા હોય છે, પરંતુ ગાંધીનગરમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અમેરિકાના વિઝિટર વિઝા મેળવવા માટે પાસપોર્ટ ઓફિસે રૂબરૂ જઈને સહી અને ફિંગરપ્રિન્ટ આપ્યા હોવા છતાં, કલોલના એક ગઠિયા એજન્ટે પરિણીતાની જાણ બહાર જ તેના નામે બીજો એક બોગસ પાસપોર્ટ કઢાવી લીધો હતો. લગ્ન બાદ પતિનું નામ પાસપોર્ટમાં ચડાવવા જતાં પાસપોર્ટ ઓફિસની નોટિસે આ આખા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ મામલે ગાંધીનગરની ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ માણસા તાલુકાના બાલવા ગામના અને હાલ ગાંધીનગરના રાયસણ ખાતે સિલિકોન નેસ્ટ ફ્લેટમાં રહેતા 32 વર્ષીય રીતુબેન સચીનભાઈ ચૌધરીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે.

### PSIનો લાફો ચર્ચામાં!

## કાયદાના રક્ષક કે દાદાગીર? ગાડી ડિટેન મુદ્દે રસ્તા પર હાઈવોલ્ટેજ ડ્રામા!

વડોદરા

વડોદરાના વ્યસ્ત માર્ગ પર ગઈકાલે સાંજે એક અભૂતપૂર્વ અને આઘાતજનક દ્રશ્યો સર્જાયા હતા. સામાન્ય રીતે જેમને જનતા સુરક્ષા અને કાયદાના રક્ષક માને છે, તેવા એક પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI)નો કથિત દાદાગીરીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઘટનાની વિગત: શહેરના એક મુખ્ય ચાર રસ્તા પર ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા વાહન ચેકિંગની ઝુંબેશ ચાલી રહી હતી. આ દરમિયાન એક કાર ચાલકને રોકીને તેની ગાડીના કાગળો અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ પૂછપરછ કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ગાડીના દસ્તાવેજો અધૂરા હોવાના કારણે અથવા નિયમભંગ બદલ પોલીસે ગાડી ડિટેન (જપ્ત) કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. ગાડી ડિટેન થતી જોઈને કાર ચાલક અને તેની સાથેના લોકો ઉશ્કેરાઈ ગયા હતા. પોલીસ અને વાહન ચાલક વચ્ચે જોરદાર બોલાચાલી શરૂ થઈ ગઈ. જોતજોતામાં ત્યાં લોકોનું ટોળું એકઠું થઈ ગયું અને રસ્તા પર ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. વાહન ચાલકે દલીલ કરી હતી કે તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે, જ્યારે પોલીસ પોતાના કાયદેસરના કામનો હવાલો આપી રહી હતી.

PSIનો લાફો અને કાયદાના રક્ષક સામે સવાલ:

આ વિવાદ એટલો વણસ્યો કે વાત હાથમાંથી નીકળી ગઈ. પ્રત્યક્ષદર્શીઓ અને વાયરલ વીડિયોના આધારે, બોલાચાલી દરમિયાન ઉશ્કેરાઈ ગયેલા PSI એ સંયમ ગુમાવ્યો હતો અને કાર ચાલક અથવા તેની સાથેના યુવકને સરેઆમ લાફો ઝીંકી દીધો હતો. રસ્તાની વચ્ચે બનેલી આ ઘટનાથી ત્યાં હાજર લોકો પણ ચોંકી ગયા હતા.

આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા પર લોકો બે ભાગમાં વહેંચાઈ ગયા છે, પણ મોટો વર્ગ પોલીસની આ કાર્યવાહી સામે સવાલો ઉઠાવી રહ્યો છે.

### સુરતમાં કલિયુગની પરાકાષ્ઠા!

## ફેસબુક પર 'વાઈફ સ્વેપિંગ'નું ગંદું રેકેટ, પીડિત પત્નીએ ખોલ્યા હવસના કાળા રહસ્યો!

સુરત (ખાસ પ્રતિનિધિ)

સંસ્કારી નગરી ગણાતા સુરત શહેરમાંથી એક એવો સનસનાટીભર્યો અને કંપારી છૂટી જાય તેવો કિસ્સો સામે આવ્યો છે, જેણે પવિત્ર લગ્નજીવનના સંબંધોને તાર-તાર કરી નાખ્યા છે. સોશિયલ મીડિયાના આધુનિક યુગમાં હવસખોરોએ હવે પત્નીઓની અદલાબદલી એટલે કે 'કપલ સ્વેપિંગ' (Couple Swapping) નું એક આખું કાળું બજાર શરૂ કર્યું છે. સુરતની એક હિંમતવાન મધ્યમવર્ગીય મહિલાએ આ નરકમાંથી બહાર આવીને જે ભાંડો ફોડ્યો છે, તે સાંભળીને ભલભલાના હોશ ઊડી જશે. આ આખું નેટવર્ક અત્યંત શાતિર અને પદ્ધતિસર રીતે ફેસબુકના માધ્યમથી ચલાવવામાં આવી રહ્યું છે. હવસના આ સોદાગરો ફેસબુક પર ફેક આઈડી (Fake ID) બનાવે છે અને લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલના સપના બતાવીને મધ્યમ વર્ગના કપલ્સને ટાર્ગેટ કરે છે. આ રેકેટમાં સામેલ વિકૃત માનસિકતા ધરાવતા લોકો મધ્યમ વર્ગના પરિવારોને માત્ર એક રાત માટે પત્નીની અદલાબદલી કરવાના બદલામાં હજારો રૂપિયાની ઓફર કરે છે! આ ઓફર પાછળ મોંઘીદાટ હોટેલોનું એડવાન્સ બુકિંગ અને પ્રાઈવસીની મોટી-મોટી વાતો કરવામાં આવે છે. પીડિત મહિલાએ પોતાની આપવીતી જણાવતા જે ખુલાસા કર્યા છે તે આંચકાજનક છે.

### પકડાયેલા આરોપીઓની આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી

## નડિયાદમાં ભાજપ મહામંત્રી પર હુમલો કરનારા 4 હુમલાખોરો પોલીસના સકંજામાં : ખાખીની એક્શનથી ગુંડાતત્વોમાં ફફડાટ!

નડિયાદ

નડિયાદના પોશ ગણાતા ડી-માર્ટ ચોકડી વિસ્તારમાં નડિયાદ શહેર ભાજપ કિસાન મોરચાના મહામંત્રી પ્રકાશ પરમાર પર થયેલા જીવલેણ હુમલાના મામલામાં નડિયાદ ટાઉન પોલીસે સપાટો બોલાવ્યો છે. સત્તાધારી પક્ષના હોદ્દેદાર પર ધોળા દિવસે હુમલો કરીને કાયદો-વ્યવસ્થાને પડકારનારા ૪ રીઢા હુમલાખોરોને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.



પોલીસના સકંજામાં આવેલા આ નરાધમોની ઓળખ (૧) ચિરાગ રસિકભાઈ ચાવડા, (૨) ગોપાલ ઉર્ફે ગોપુ રસિકભાઈ ચાવડા, (૩) નીતિન ઉર્ફે ગોપાલ જયંતિભાઈ પરમાર અને (૪) મહેન્દ્ર છોટાભાઈ ચાવડા તરીકે થઈ છે. આ ચારેય શખ્સોએ અગાઉથી ગોઠવેલા પ્લાન મુજબ ભાજપ મહામંત્રી પ્રકાશ પરમારને ઘેરી લઈ હિંસક હુમલો કર્યો હતો અને ફરાર થઈ ગયા હતા.

ધોળા દિવસે બનેલી આ સનસનાટીભરી ઘટનાને પગલે સ્થાનિક રાજકારણ અને વેપારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં નડિયાદ ટાઉન પોલીસની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે પોલીસે સચોટ બાતમી મેળવીને આ ચારેય આરોપીઓને દબોચી લીધા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પકડાયેલા આરોપીઓની આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ હુમલા પાછળનો મુખ્ય હેતુ શું હતો અને તેમની સાથે અન્ય કયા-કયા શખ્સો સંડોવાયેલા છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. હુમલામાં સામેલ અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. ખાખીના આ ઘાતક પ્રહારથી નડિયાદના ગુંડાતત્વો અને તોડબાજોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પાક્કો ગુજરાત
શનિવાર । 20 જૂન 2026 । અમદાવાદ

વરસાદ તો ટ્રેલર છે, પિક્ચર હજુ બાકી છે!

# પાલનપુરમાં એક ઇંચ વરસાદે પાલિકાના કરોડો રૂપિયાના 'પ્રિ-મોન્સૂન પ્લાન'ના ધજાગરા ઉડાડ્યા

## સામાન્ય વરસાદમાં જ આખું શહેર પાણી-પાણી: ભૂગર્ભ ગટરની સફાઈમાં માત્ર કાગળ પર જ વેઠ ઉતારાઈ હોવાનો જનતાનો આક્રોશ



ગાંધીનગર

ચોમાસાની હજુ તો વિધિવત શરૂઆત થઈ છે ત્યાં જ પાલનપુર નગરપાલિકાની પોલ ઉઘાડી પડી ગઈ છે. મોડી રાત્રે ગાજવીજ સાથે ત્રાટકેલા સીઝનના પ્રથમ અને માત્ર એક ઇંચ વરસાદે પાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાનની એવી હવા કાઢી નાખી છે કે શહેરીજનો હવે ભગવાન ભરોસે જીવવા મજબૂર બન્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખો રૂપિયાના ખર્ચે થયેલી સાફ-સફાઈ માત્ર ચોપડા પર જ રહી ગઈ હોય તેવા દ્રશ્યો રસ્તા પર જોવા મળ્યા હતા.

પાલનપુર નગરપાલિકા દ્વારા દર વર્ષે ચોમાસા પહેલાં વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાના આંધણ કરવામાં આવે છે. નિયમ મુજબ નાળા, નદી અને ભૂગર્ભ ગટરની ચેમ્બરો સાફ કરવાની મોટી-મોટી ગુલબાંગો ફૂંકવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે કોન્ટ્રાક્ટર અને એજન્સીઓ દ્વારા ગટર સફાઈમાં માત્ર 'વેઠ' ઉતારવામાં આવી છે. અનેક વિસ્તારોમાં ગટરની ચેમ્બરો પહેલાથી જ ઉભરાતી હતી, છતાં પાલિકાના કુંભકર્ણ નીંદ્રામાં સૂતેલા તંત્રએ તેની દરકાર ન કરી, જેનું પરિણામ આજે આખું પાલનપુર ભોગવી રહ્યું છે.

માત્ર એક જ ઇંચ વરસાદમાં શહેરના મુખ્ય માર્ગો સ્વિમિંગ પૂલ જેવા ભાસતા હતા. પાણી ભરાવાને કારણે વાહનો બંધ પડી ગયા હતા અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સૌથી ખરાબ હાલત નીચેના વિસ્તારોમાં જોવા મળી:

આઈટીઆઈ થી માધુપુરા રોડ: શાશ્વત ડ્રીમ સોસાયટીની આગળ ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા.

જામપૂરા થી સ્વસ્તિક સ્કૂલ રોડ: આ માર્ગ પર પાણી ભરાતા શાળાએ જતા બાળકો અને વાલીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ગણેશપુરા આંબાવાડી અને કીર્તિસ્તંભ વિસ્તાર: શહેરના આ હાર્દ સમાન વિસ્તારોમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

પ્રથમ જ વરસાદમાં પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના લબરાકા ખુલ્લા પડી જતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો એક ઇંચ વરસાદમાં આ હાલત થતી હોય, તો ભારે વરસાદમાં પાલનપુરનું શું થશે? લોકમુખે ચર્ચા: 'પાલિકાના અધિકારીઓ એસી ઓફિસોમાંથી બહાર નીકળીને જુએ કે રસ્તા પર લોકો કેવી રીતે હાલાકી ભોગવી રહ્યા છે. પ્રિ-મોન્સૂન કામગીરીના નામે થયેલા ખર્ચની ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ.'

---

પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા-ફરતા

# વોન્ટેડ આરોપીને રાજકોટ જીલ્લા ખાતેથી પકડી પાડતી ડભોઇ પોલીસ

રાજકોટ



સુશિલ અગ્રવાલ, પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્ય નાઓ દ્વારા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત નાસતા-ફરતા આરોપી પકડવા અંગેની ડ્રાઇવ દરમ્યાન વિવિધ ગુનાઓના કામે નાસતા-ફરતા આરોપીઓ જેવા કે, મિલ્કતસબંધી, ચોરી, પ્રોહિબીશન, અપહરણ, લુંટ, ધાડ, છેતરપિંડી, વિશ્વાસઘાત, લેન્ડ ગ્રેબીંગ જેવા ગુનાઓમાં સંડોવાયેલ કુખ્યાત આરોપીઓ તથા અલગ-અલગ ગેરકાયદેસર પ્રવુતિ સાથે જોડાયેલ ગુનેગારોને શોધી કાઢી તેઓ સામે કડક કાર્યવાહી કરવા સારૂ સૂચના આપવામાં આવેલ હતી. જે આધારે પી.એન.પટેલ, ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ડભોઈ ડીવીઝન, ડભોઈ નાઓએ ઓપરેશન પરાક્રમ અંતર્ગત વધુમાં વધુ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ માણસોની ટીમો બનાવી પરીણામલક્ષી કામગીરી કરવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ.જે આધારે આજરોજ એ.ટી.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર ડભોઇ પોલીસ સ્ટેશન નાઓને હ્યુમન સોર્સીસ દ્વારા ચોક્કસ બાતમી હકીકત મળેલ કે ડભોઇ પો.સ્ટે C પાર્ટ ગુ.ર.નં.૧૬૯૮/૨૦૨૧ પ્રોહી કલમ ૬૫ એ,ઇ ૯૮(૨),૮૧ મુજબના ગુનાના કામે પકડવાનો બાકી આરોપી સુરેશભાઇ દશમ તોમર રહે- ઝિંઝના પટેલ ફળીયુ પોસ્ટ આંબા ડબેરી તા-કઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) નાઓ હાલ મજુરી અર્થે રાજકોટ તરફ ગયેલ છે.

જેથી સદરીનો મોબાઇલ નંબર મેળવી ટેકનીકલ સોર્સીસ દ્વારા સદરીના મોબાઈલ નંબરનુ લોકેશન મેળવતા રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મોટા દડવા ગામ ખાતેના આવતા હોય જેથી અત્રેના પો.સ્ટે.ની એક ટીમને રાજકોટ જીલ્લા ખાતે મોકલી આપેલ. જે આઘારે પોલીસ ટીમ રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મોટા દડવા ગામ જઇ હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સોર્સીસની મદદ મેળવી સદર આરોપી સુરેશભાઇ દશમ તોમર રહે-ઝિંઝના પટેલ ફળીયુ પોસ્ટ આંબા ડબેરી તા-કઠીવાડા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) નાને મોટા દડવા ગામ ખાતેથી હસ્તગત કરી અત્રેના ડભોઇ પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી ગુનાના કામે અટક કરી આગળની તપાસ તજવીજ ચાલુ છે.

---

દર્શન કરવા ગયેલા માઇભક્તો પર ત્રાટક્યો કાળ

# પાવાગઢ ડુંગર પર વહેલી સવારે કાળજું કંપાવનારી દુર્ઘટના : ભારે પથ્થરો ગબડતાં બે યાત્રિકોના કાળમુખા મોત

પાવાગઢ

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગર પરથી આજે વહેલી સવારે એક અત્યંત દુ:ખદ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. માતાજીના દર્શનની આશા સાથે વહેલી સવારે ડુંગર ચઢી રહેલા યાત્રિકો પર અચાનક કાળ ત્રાટક્યો હતો. પહાડ પરથી અચાનક ભારે પથ્થરો નીચે ગબડતાં (લેન્ડસ્લાઈડ) તેની ચપેટમાં કમનસીબે બે યાત્રિકોના ઘટનાસ્થળે જ કડોચભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય પાંચ યાત્રિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર પાવાગઢ પંથકમાં અને માઈભક્તોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું



છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વહેલી સવારે જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતા મહાકાળીના દર્શન કરવા માટે પગપાળા ડુંગર તરફ જઈ રહ્યા હતા, ત્યારે અચાનક પહાડનો એક મોટો હિસ્સો અને ભારે પથ્થરો ધડાકાભેર નીચે ગબડ્યા હતા. પથ્થરો એટલી ઝડપથી નીચે આવ્યા કે ત્યાં હાજર યાત્રિકોને ભાગવાનો મોકો પણ ન મળ્યો. પથ્થરો સીધા દર્શનાર્થીઓ પર પડતાં જ ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી.

તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન: દુર્ઘટનાની જાણ થતાં જ પાવાગઢ મંદિર ટ્રસ્ટના સુરક્ષાકર્મીઓ, સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પથ્થરો નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી.

આ આફતમાં બે યાત્રિકો પર ભારે પથ્થર પડવાના કારણે તેમણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. અન્ય પાંચ લોકોને નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ઈજાગ્રસ્તો પૈકી બેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.


આ ઘટના બાદ પાવાગઢ ડુંગર પર સુરક્ષાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા કેટલાક કડક પગલાં લેવામાં આવ્યા છે અને અસરગ્રસ્ત વિસ્તારમાં સામાન્ય લોકોની અવરજવર પર અસ્થાયી રોક લગાવી દેવામાં આવી છે. જોકે, આ દુર્ઘટના બાદ ચોમાસાની શરૂઆતમાં પહાડી વિસ્તારોમાં યાત્રિકોની સુરક્ષાને લઈને ફરી એકવાર મોટા સવાલો ઊભા થયા છે.

---

# અંબાજી ગર્ભગૃહમાં 'ભૂતિયા કાવડિયા' રાજ : 3000ના પગારદારો કરોડોના આસામી

- અયોધ્યા જેવો 'મંદિર કાંડ' અંબાજીમાં થવાની દહેશત
- ભટ્ટજી મહારાજ આરતી કરી ગાદી પર, જ્યારે વહીવટી ચોપડે 'લાપતા' એવા કાવડિયા મુખ્ય પાટ પર બેસી ભક્તોને આશીર્વાદ આપે છે!

અંબાજી



અયોધ્યાના રામ મંદિરમાં કથિત ગેરરીતિઓ મામલે યોગી સરકારે 'SIT' દોડાવીને મંદિરના સત્તાવાળાઓના પાયા હલાવી નાખ્યા છે, ત્યારે ગુજરાતના પવિત્ર ધામ અંબાજી મંદિરમાંથી પણ વહીવટી પોલંપોલ અને કરોડોની માયામય સંપત્તિનો આવો જ એક ચોંકાવનારો કિસ્સો સપાટી પર આવ્યો છે. માત્ર ૩,૦૦૦ રૂપિયાના માસિક વેતન પર પાણી લાવવાનું કામ કરતા કાવડિયાઓ આજે કરોડોના માલિક બનીને બેઠા છે અને આ 'ભૂતિયા કાવડિયાઓ સામે તંત્રએ રહસ્યમય મૌન ધારણ કરી લીધું છે. પરંપરા મુજબ સિદ્ધપુરના ઠાકર પરિવારો (જેઓ ભટ્ટજી મહારાજ તરીકે ઓળખાય છે) અંબાજી મંદિરમાં પૂજા-પાઠ સંભાળે છે. માતાજીના સવારના અભિષેક માટે ૬ કિલોમીટર દૂર આવેલા સરસ્વતી કુંડમાંથી પવિત્ર જળ લાવવા માટે આ ભટ્ટજી મહારાજોએ પોતાના અંગત ખર્ચે કાવડિયા રાખ્યા છે. પરંતુ, ખરી રમત આરતી પછી શરૂ થાય છે. ભટ્ટજી મહારાજ બે ટાઈમની આરતી પૂરી કરીને માતાજીનું પરમ પવિત્ર નિજ મંદિર આ કાવડિયાઓના ભરોસે છોડી દે છે અને પોતે બનાવેલી ગાદી પર જઈને આરામથી બિરાજી જાય છે! બીજી તરફ, મંદિરના મુખ્ય પાટ (ગર્ભગૃહ) પર આખો દિવસ આ કાવડિયાઓ અડિંગો જમાવીને બેસી રહે છે અને માઈભક્તોને આશીર્વાદ વહેંચતા ફરે છે, જાણે પોતે જ સત્તાવાર પૂજારી ન હોય! સૌથી મોટો વહીવટી સવાલ એ છે કે આ કાવડિયાઓ આખરે છે કોના માણસો? તેઓ અંબાજી મંદિર ટ્રસ્ટના સત્તાવાર કર્મચારી નથી. તેમને કોઈ આઉટસોર્સિંગ કે કોન્ટ્રાક્ટ એજન્સી દ્વારા પણ મૂકવામાં આવ્યા નથી. વહીવટી ચોપડે જેઓ 'ભૂતિયા' એટલે કે અસ્તિત્વ જ ધરાવતા નથી, તેઓ દેશના સૌથી મોટા શક્તિપીઠના ગર્ભગૃહ પર કઈ સત્તાથી રાજ કરે છે?મંદિરના ઉચ્ચ અધિકારીઓની આંખ નીચે જ આ આખો ખેલ ચાલી રહ્યો છે, છતાં કયા અગમ્ય સ્વાર્થ કે દબાણ હેઠળ આ કાવડિયાઓ પર 'રેહમ નજર' રાખવામાં આવી રહી છે, તે તપાસનો વિષય છે.જો આવતીકાલે અયોધ્યાની જેમ અંબાજી મંદિરમાં પણ કોઈ મોટી નાણાકીય ગેરરીતિ કે સોના-ચાંદી-દાગીનાની ઉચાપતનો મામલો સામે આવશે, તો મંદિર પ્રશાસન કાયદાકીય રીતે કોની ગરદન પકડશે?

---

# નવાગામ R.F. વિસ્તારમાં વન વિભાગની કામગીરી સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ પ્રદર્શન

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના નવાગામ તથા આસપાસના વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનોએ નવાગામ આર.એફ. (Reserved Forest) વિસ્તારમાં વન વિભાગ દ્વારા ચાલી રહેલી કામગીરી સામે ગંભીર આક્ષેપો સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક તપાસ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે કે નવાગામ આર.એફ. વિસ્તારમાં વર્ષોથી સ્થાનિક આદિવાસી ખેડૂતો ખેતી અને જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ કરતા આવ્યા છે. છતાં હાલમાં વન વિભાગ દ્વારા ગ્રામજનોને કોઈ પૂર્વ જાણકારી કે ગ્રામસભાની મંજૂરી વિના ખાડા ખોદવા, વૃક્ષારોપણ અને અન્ય કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના કારણે ખેડૂતોમાં પોતાની જમીન, હકો અને રોજગાર અંગે ભારે ચિંતા તથા અસંતોષ ફેલાયો છે. ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે વન અધિકાર અધિનિયમ-2006 (Forest Rights Act-2006) હેઠળ આદિવાસી અને પરંપરાગત વનવાસી સમુદાયોને મળેલા કાયદેસર હકોની અવગણના કરવામાં આવી રહી છે. કાયદા મુજબ ગ્રામસભાની સંમતિ અને પ્રક્રિયાને મહત્વ આપવામાં આવ્યું હોવા છતાં અધિકારીઓ દ્વારા મનસ્વી રીતે કામગીરી કરવામાં આવી રહી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. ગ્રામજનોએ માંગ કરી છે કે નવાગામ આર.એફ. વિસ્તારમાં ચાલી રહેલી તમામ કામગીરીની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, વન અધિકાર અધિનિયમ-2006 સહિતના લાગુ કાયદા અને નિયમોનું પાલન થયું છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવે, તેમજ ખેડૂતો અને ગ્રામજનોના હકોનું રક્ષણ કરવા જરૂરી પગલાં ભરવામાં આવે. સાથે જ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ વિવાદાસ્પદ કામગીરી પર તાત્કાલિક રોક લગાવવાની માંગ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતો અને ગ્રામજનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેમની રજૂઆતનો સમયસર નિકાલ નહીં કરવામાં આવે અને ન્યાય નહીં મળે તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે. આંદોલન દરમિયાન કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્ર અને અધિકારીઓની રહેશે તેમ પણ આવેદનપત્રમાં જણાવાયું છે.

---

## અંકલેશ્વરમાં ગાંજાના જથ્થા સાથે મહિલા ઝડપાઇ:પોલીસે 1.245 કિલો ગાંજો સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) એ અંકલેશ્વરના ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાંથી ગાંજાના જથ્થા સાથે એક મહિલાની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂપિયા 62 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SOGના પી.આઈ. એ.વી. પાણમિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી લક્ષ્મીબેન બળવંત ઠક્કર પોતાના મકાનમાંથી ગાંજાનું વેચાણ કરી રહી છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડા પાડ્યા હતા. સ્થળ પરથી 1.245 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

---

# અંકલેશ્વરમાં લીવ-ઇન પાર્ટનરે પ્રેમિકાની કરી હત્યા : નજીવી બાબતે ઝઘડામાં બે સંતાનો અને માતાની સામે જ હથોડાના ઘા મારી પતાવી દીધી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના નવા બોરભાઠા વિસ્તારમાં મોબાઇલના ઉપયોગ જેવી નજીવી બાબતે થયેલો ઝઘડો લોહિયાળ ઘટનામાં પરિણમ્યો છે. લીવ-ઈન રિલેશનશીપમાં રહેતા યુવકે પોતાની પ્રેમિકા પર હથોડા વડે હુમલો કરી હત્યા કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. જગદીશે રેણુકાની તેના બે સંતાનો અને તેની માતા સામે જ હત્યા કરી છે.

નવા બોરભાઠા ગામમાં તક્ષશિલા સ્કૂલ પાછળ આવેલી એક સોસાયટીમાં 24 વર્ષીય જગદીશ ઉર્ફે જગ્ગો રમેશ રાઠોડ અને 30 વર્ષીય રેણુકા રાઠોડ છેલ્લા ચાર મહિનાથી લીવ-ઈન રિલેશનશીપમાં રહેતા હતા. જમતી વખતે મોબાઈલના ઉપયોગને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. સામાન્ય તકરાર થોડા જ સમયમાં ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. ઝઘડાથી ઉશ્કેરાયેલા જગદીશે ઘરમાં રહેલા હથોડા વડે રેણુકા પર હુમલો કર્યો હતો. હુમલામાં રેણુકાના મોઢા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. રેણુકાની ચીસો સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક ગડખોલ પીએચસી ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી.

રેણુકાની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જોકે, સારવાર દરમિયાન રેણુકાનું મોત નિપજતાં ઘટનાએ કરુણ વળાંક લીધો હતો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક રેણુકાને અગાઉના પતિથી બે સંતાનો છે અને બંને બાળકો માતા તથા જગદીશ સાથે રહેતા હતા. માતાની નજર સામે બનેલી આ હિંસક ઘટનાથી બંને બાળકો ભારે આઘાતમાં સરી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં અંકલેશ્વર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઝડપી કાર્યવાહી કરીને આરોપી જગદીશ ઉર્ફે જગ્ગો રમેશ રાઠોડની ધરપકડ કરી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

# ડભોઇના મહુડી ભાગોળ વિસ્તારમાં પ્રી-મોન્સૂનની પોલ ખુલી સામાન્ય વરસાદમાં જ રોડ પર ઘૂંટણસમા પાણી ભરાયા

ડભોઇ

ડભોઇ હજુ તો ચોમાસાની શરૂઆત થઈ છે અને માત્ર રાત્રિ દરમિયાન પડેલા સામાન્ય વરસાદે જ ડભોઇ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે ડભોઇ શહેરના વ્યસ્ત ગણાતા મહુડી ભાગોળ નજીક આવેલી રાણાની હોટલ પાસે સામાન્ય વરસાદમાં જ રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે

રાત્રિના સમયે વરસેલા થોડાક જ વરસાદને કારણે સમગ્ર રોડ બેટમાં ફેરવાઈ ગયો હતો. માર્ગ પર ઘૂંટણ સુધીના પાણી ભરાઈ જવાને કારણે સ વારથી જ રાહદારીઓને ચાલવામાં અને વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે તકલીફો પડી રહી છે કેટલાક દ્વિચક્રી વાહનો પાણીમાં બંધ પડી જવાના બનાવો પણ સામે આવ્યા છે જેને કારણે લોકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે વેપારીઓ અને રહીશોમાં પૂરનો ભય સ્થાનિક રહીશો અને વેપારીઓએ ભારે ચિંતા વ્યક્ત કરતાં



જણાવ્યું છે કે જો માત્ર ગણતરીના કલાકોના સામાન્ય વરસાદમાં આ વિસ્તારની આવી દયનીય સ્થિતિ થતી હોય તો આગામી દિવસોમાં જો ભારે વરસાદ પડશે તો શું થશે? આ નીચાણવાળા વિસ્તારમાં આવેલા મકાનો અને દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જવાની પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે જેને કારણે મોટા પાયે આર્થિક નુકસાન થવાનો ભય પણ સતાવી રહ્યો છે જો નગરપાલિકા દ્વારા વહેલી તકે આ ભરાયેલા વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં આખો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જશે તંત્ર તાત્કાલિક જાગે અને કાયમી ઉકેલ લાવે તેવી અમારી માંગ છે.

---

# ટેટ મુક્તિ મુદ્દે ભાવનગરમાં શિક્ષકોની સિંહગર્જના: કલેક્ટર કચેરી ગૂંજી ઊઠી!

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ગુજરાતના શિક્ષણ જગતમાં અત્યારે એક જ આક્રોશનો જ્વાળામુખી ફાટ્યો છે–ટેટ (TET) પરીક્ષામાંથી મુક્તિ! વર્ષોથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અને હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનારા કાર્યરત શિક્ષકોને ટેટની પરીક્ષામાંથી સન્માનપૂર્વક મુક્તિ મળે, તે માટે હવે આરપારની લડાઈ શરૂ થઈ ચૂકી છે. આ ન્યાયિક લડતના ભાગરૂપે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ભાવનગરના નવ સંવર્ગના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય અને જોરદાર ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગરનું મોતીબાગ મેદાન આ આક્રોશનું સાક્ષી બન્યું. જિલ્લા અને શહેરના ખૂણે-ખૂણેથી શિક્ષક ભાઈઓ અને બહેનો પોતાના હક માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મોતીબાગ મેદાનમાં જાણે શિક્ષકોનું કીડીયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ત્યાંથી શરૂ થયેલી શિસ્તબદ્ધ પણ આક્રમક રેલી જ્યારે કલેક્ટર કચેરીએ પહોંચી, ત્યારે વાતાવરણ



શિક્ષકોના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. વડાપ્રધાન અને શિક્ષણમંત્રી સમક્ષ કેન્દ્ર સરકાર આ બાબતે યોગ્ય અને હકારાત્મક પગલાં ભરે તેવી જોરદાર માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ધરણા સ્થળેથી મહાસંઘના જવાબદાર પ્રતિનિધિઓએ ગર્જના કરતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં પણ શિક્ષકોના હિત માટે અનેક આંદોલનો અને ધરણાઓ સફળ રહ્યા છે, તો આ લડત પણ એળે નહીં જાય. સર્વોચ્ચ અદાલતે ભલે ૨૦૧૦ પહેલાના શિક્ષકો માટે પણ ટેટ ફરજિયાત કરી હોય, પણ કેન્દ્ર સરકાર ધારે તો આમાં વટહુકમ લાવીને શિક્ષકોને સન્માનજનક મુક્તિ અપાવી શકે છે. શિક્ષકોનો આ આશાવાદ અને આક્રોશ હવે દિલ્હી સુધી પહોંચશે એ નક્કી છે. સરકાર જો જલ્દી નિર્ણય નહીં લે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી સંભાવના છે.

---

સરકારી યોજનાઓના લાભ એક જ સ્થળેથી મળ્યા

# ઈડર ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરાયું

ઈડર, જાકીર મેમણ

ધારાસભ્ય વોરા હાજરઈડર ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ એક જ સ્થળેથી નાગરિકોને મળી રહે તે હેતુથી આ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ઈડરમાં પણ છેલ્લા ત્રણ દિવસથી વિકાસ કાર્યોની સમીક્ષા અને કાર્યક્રમો ચાલી રહ્યા છે. આજે ઈડર નગરપાલિકાના લાઈબ્રેરી હોલ ખાતે આ જન કલ્યાણ શિબિર યોજાઈ હતી.



આ શિબિરમાં પીએમ સ્વનિધિ યોજના, આધાર કાર્ડમાં સુધારો, વિધવા પેન્શન યોજના અંગે માર્ગદર્શન, નિરાધાર વૃદ્ધો માટે સહાય, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અને દીકરીઓ માટે નમો લક્ષ્મી યોજના જેવી વિવિધ યોજનાઓનો લાભ એક જ સ્થળેથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.


આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણલાલ વોરા ઉપરાંત ઈડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કાંતિભાઈ પટેલ, ઈડર નગરપાલિકાના પ્રમુખ અનસુયાબેન પટેલ, ઉપપ્રમુખ વિનોદભાઈ પરમાર,કારોબારી અધ્યક્ષ જીનલભાઈ સગર

લઘુમતી મોરચાના પ્રમુખ જાકીર એસ મેમણ તેમજ પાલિકાના કોર્પોરેટરો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ...

# સામેથી આવતા કાદવના જવાબમાં ગુલાબ ફેંક્યા! રાજનીતિના વાવાઝોડા વચ્ચે અડગ રહેતો એક અનોખો ચહેરો

રાજનીતિમાં જીત-હાર અને સત્તાની ઉથલપાથલ તો રોજનો ક્રમ છે, પણ ઈતિહાસ હંમેશા એવા માણસોની નોંધ લે છે જેઓ વાવાઝોડાની વચ્ચે પણ પોતાની ધરી ચૂકતા નથી. રાહુલ ગાંધી એક એવું જ નામ છે, જેને તમે કદાચ નફરત કરી શકો, તેના વિચારો સાથે અસંમત થઈ શકો, પણ ભારતીય રાજનીતિના આધુનિક ફલક પરથી તેને ક્યારેય નકારી ન શકો. જે વ્યક્તિના જીવનની શરૂઆત જ દાદી અને પિતાની છત્રછાયા ગુમાવવાના ઘેરા આઘાતથી થઈ હોય, તેના દિલમાં કડવાશ ભરાઈ જવી સ્વાભાવિક હતી. પરંતુ આ માણસે પોતાના પિતાના હત્યારાઓને માફ કરીને સાબિત કરી દીધું



કે તેનું કદ સત્તાના સિંહાસન કરતાં ક્યાંય મોટું છે. જે હૃદયમાં આટલી મોટી ક્ષમા હોઈ શકે, તેની સામે રાજનીતિના નાના-મોટા કાવતરાંઓ બહુ લાંબો સમય ટકી શકતા નથી.

અપેક્ષાઓનો બોજ અને સતત પ્રહારોની સામે એકલી જંગ

છેલ્લા બે દાયકામાં આ દેશમાં જો કોઈ એક વ્યક્તિ પર સૌથી વધુ વ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે હુમલા થયા હોય, તો તે રાહુલ ગાંધી છે. જનતાના ટેક્સના કરોડો રૂપિયા માત્ર એક વ્યક્તિની છબી ખરાબ કરવા, તેને અપરિપક્વ સાબિત કરવા અને મજાકનું પાત્ર બનાવવા માટે પાણીની જેમ વહાવી દેવાયા. તેની ચૂપકીદી પર સવાલો ઉઠ્યા, તેના શબ્દોની ચીરફાડ થઈ, અને તેના કપડાંથી લઈને તેની વિદેશ યાત્રાઓ સુધીની દરેક નાની બાબતને વિવાદનું કેન્દ્ર બનાવવામાં આવી.

સામાન્ય માણસ પર જો આનાથી દસમા ભાગનો પણ પ્રહાર થાય, તો તે માનસિક રીતે તૂટી જાય અથવા તો સિસ્ટમ સામે ઘૂંટણ ટેકવી દે. પરંતુ રાહુલ ગાંધીની ખરી તાકાત એ છે કે તેઓ દર વખતે વધુ મજબૂતીથી અને વધુ સ્મિત સાથે બેઠા થયા છે. આ કોઈ મોટિવેશનલ પુસ્તકની કાલ્પનિક વાર્તા નથી, પણ આપણી નજર સામે આકાર લેતી વાસ્તવિકતા છે.

કાદવના જવાબમાં ગુલાબ આપવાની અઘરી કળા

રાજનીતિમાં ટીકાના બદલામાં તીખી ટીકા અને અપમાનના બદલામાં બમણું અપમાન કરવું એ બહુ સહેલું છે. અઘરું એ છે કે સામેથી આવતા કાદવના જવાબમાં તમે ગુલાબ ફેંકી શકો. રાહુલ ગાંધીએ અપમાનની નકારાત્મકતાને ક્યારેય પોતાના આત્મા પર હાવી થવા દીધી નથી. તેમણે સાબિત કર્યું કે પછડાટ ખાવી એ હાર નથી, પણ પછડાયા પછી ઊભા થવાની ના પાડવી એ અસલી હાર છે. જ્યારે પણ ગોદી મીડિયા અને ટ્રોલ આર્મીએ એમને ઝીરો જાહેર કર્યા, ત્યારે તેઓ દિલ્હીના એરકન્ડિશન્ડ રૂમો છોડીને સીધા જનતાની વચ્ચે પહોંચી ગયા.

ભારત જોડો યાત્રા: લોકતંત્રનો નવો ટર્નિંગ પોઈન્ટ

'ભારત જોડો યાત્રા' એ માત્ર એક રાજકીય પ્રવાસ નહોતો, પણ એ ભારતીય રાજનીતિનો ટર્નિંગ પોઈન્ટ હતો. હજારો કિલોમીટર પગપાળા ચાલવું, ધોમધખતા તડકામાં અને વરસાદમાં ભીંજાતા સામાન્ય લોકોના હાથ પકડવા, ખેડૂતોના ખેતરમાં જઈને તેમની વેદના સમજવી અને યુવાનોની આંખોમાં રહેલી નિરાશાને વાચા આપવી આ કામ કોઈ એવો જ માણસ કરી શકે જે સત્તાના મોહથી પર થઈ ચૂક્યો હોય.

આ યાત્રાએ દેશને એક નવો રાહુલ ગાંધી બતાવ્યો, જે ભાષણો આપવા કરતાં લોકોની વાત સાંભળવામાં વધુ રસ ધરાવે છે. તેઓ એ સમજી ગયા છે કે સત્તા આજે છે ને કાલે નથી, પણ લોકોના દિલમાં બનાવેલું સ્થાન કાયમી હોય છે.

વારસાની અગ્નિપરીક્ષા અને ઈતિહાસની કલમ

નામની પાછળ ગાંધી કે નેહરુ લગાડવાથી વારસો મળી શકે છે, પણ એ વારસાની અગ્નિપરીક્ષામાંથી પસાર થવાનું કાળજું દરેક પાસે નથી હોતું. ઈતિહાસ કદાચ એ ભૂલી જશે કે કોણે કેટલી ચૂંટણીઓ જીતી કે હારી, કારણ કે આંકડાઓ સમય સાથે ધૂંધળા થઈ જાય છે. પરંતુ આવનારી પેઢીઓ એ જરૂર યાદ રાખશે કે જ્યારે દેશ નફરત અને ધ્રુવીકરણના આકરા તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે એક માણસ એવો હતો જેણે લોકશાહીના મૂલ્યો અને સંવિધાનની રક્ષા માટે પોતાની આખી પ્રતિષ્ઠા દાવ પર લગાવી દીધી હતી.

રાહુલ ગાંધી આજે એક વ્યક્તિ મટીને એક વિચારધારા બની ચૂક્યા છે એવી વિચારધારા જે નમતા શીખી નથી, જે હાર સ્વીકારતી નથી અને જે નફરતના બજારમાં પણ મોહબ્બત વહેંચવાની હિંમત રાખે છે. આ માણસ ક્યારેય ચૂંટણી જીતે કે ના જીતે પણ એણે કરોડો લોકોનું દિલ જીતી લીધું છે એ જ સૌથી મોટી વાસ્તવિકતા છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઈર્ષ્યાનું ચક્રવ્યૂહ: આધુનિક દુર્યોધનોની ભીડ સામે એકલા અડીખમ રહેવાની ખુદ્દારી

## જેઓ એકલા નથી પહોંચી શકતા, એ આધુનિક દુર્યોધનો જ તમારી વિરુદ્ધ મોરચો માંડે છે!

સમાજનો એક બહુ મોટો અને કડવો નિયમ છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાની મહેનત, ઈમાનદારી અને ખુદ્દારીના જોરે આગળ વધવા લાગે છે, ત્યારે તેની પ્રગતિથી અંજાઈ ગયેલા નબળા મનના લોકો તેને સાથ આપવાને બદલે તેને પાછળ ધકેલવાના કાવતરાં ઘડવા લાગે છે.

મહાભારતમાં દુર્યોધન પાસે બળ હતું, સત્તા હતી, છતાં તેના મનમાં સતત પાંડવો પ્રત્યે ડર અને ઈર્ષ્યા હતી. તે ક્યારેય એકલો પાંડવોનો સામનો કરવાની હિંમત નહોતો કરી શકતો. આજના સમયમાં પણ તમારી આસપાસ આવા 'આધુનિક દુર્યોધનો' જોવા મળશે.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ક્ષમતાથી આ આધુનિક દુર્યોધનોને નડવા લાગે છે, ત્યારે તેઓ સૌપ્રથમ તેને એકલા પાડવાની કોશિશ કરે છે. તમારી આસપાસ એક નકારાત્મક વલણ ઊભું કરવામાં આવશે, જેથી તમે નબળા પડી જાઓ. પરંતુ, જ્યારે તેઓ જુએ છે કે તમે તો એકલા પણ અડીખમ ઊભા છો અને ઝૂકવા તૈયાર નથી, ત્યારે તેમનો ડર બેવડાઈ જાય છે.

પોતાની હાર ભાળી ગયેલો આધુનિક દુર્યોધન પછી એકલો નથી આવતો. તે પોતાની સાથે ભીષ્મપિતામહ, દ્રોણ, કર્ણ અને આખી સેનાને ભેગી કરે છે. આજના સંદર્ભમાં કહીએ તો, જ્યારે કોઈ વ્યક્તિ એકલી સત્તા કે ઈર્ષ્યાખોરો સામે લડે છે, ત્યારે સામેવાળા લોકો તમારી વિરુદ્ધ આખું મોરચો માંડે છે. ઓફિસ પોલિટિક્સ, સામાજિક કાવતરાં કે ખોટી અફવાઓનું



એક એવું ચક્રવ્યૂહ રચવામાં આવે છે જેથી તમને માનસિક રીતે તોડી શકાય.

*'કાવતરાં હંમેશા નબળા લોકો ઘડે છે, કારણ કે સિંહોની જેમ એકલા લડવાની તેમની ઔકાત નથી હોતી.'*

તમારી એકલતા એ તમારી નબળાઈ નથી, તાકાત છે!

જો તમારી સામે આખેઆખી સેના ઉતારવી પડતી હોય, જો તમને હરાવવા માટે કોઈને ચક્રવ્યૂહ રચવો પડતો હોય, તો એક વાત ગાંઠે બાંધી લેજો તમે સામાન્ય માણસ નથી!

સામે પક્ષે આટલી મોટી સેના અને આટલા પ્રપંચો એ વાતની સાબિતી છે કે તમારું પલડું ભારે છે. તેઓ તમારા એકલાથી એટલા ડરેલા છે કે તેમને આખા ગામનો ટેકો લેવો પડે છે. તમારી ખુદ્દારી અને તમારો આત્મવિશ્વાસ એટલો મજબૂત છે કે સામેવાળાના પાયા હચમચી ગયા છે.

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન જ્યારે રથ પર સવાર હતો, ત્યારે સામે અગણિત સેના હતી, મહાન મહારથીઓ હતા. પણ અર્જુન પાસે શું હતું? તેની પાસે છળ-કપટ નહોતું, તેની પાસે માત્ર પોતાનું ગાંડીવ અને રથના સારથિ તરીકે સ્વયં દ્વારકાધીશ હતા.

ઈતિહાસ સાક્ષી છે કે કાવતરાં ગમે તેટલાં મોટાં કેમ ન હોય, પણ જેનો પક્ષ સત્યનો હોય છે અને જેના હૃદયમાં પ્રામાણિકતા હોય છે, તેનો વાળ પણ વાંકો થતો નથી. જ્યારે આખી દુનિયા તમને ઘેરવા માટે ચક્રવ્યૂહ બનાવતી હોય, ત્યારે સમજી લેવું કે ઈશ્વર તમને કોઈ બહુ મોટી જીત માટે તૈયાર કરી રહ્યો છે.

કાવતરાં કરનારાઓને કરવા દો, ચક્રવ્યૂહ રચનારાઓને રચવા દો. તમારે માત્ર તમારા કર્તવ્ય પથ પર અડીખમ રહેવાનું છે. યાદ રાખો કે જે રણમેદાનમાં કાવતરાં આસમાને હોય, ત્યાં ન્યાય કરવા માટે માધવને પોતે આવવું જ પડે છે.

'જ્યાં સત્ય છે, ત્યાં સંઘર્ષ ચોક્કસ હશે ,પણ જ્યાં કૃષ્ણ છે, ત્યાં વિજય નિશ્ચિત હશે!'

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# દુનિયાના અમીરો કેમ છોડી રહ્યા છે પોતાના દેશ?

## આ વર્ષે તૂટી જશે ઈતિહાસના તમામ રૅકોર્ડ

પૈસા, પ્રતિષ્ઠા અને લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ. દુનિયાના અમીરો પાસે તે બધું જ છે જેની એક સામાન્ય માણસ માત્ર કલ્પના કરી શકે છે. જોકે વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે એક આશ્ચર્યજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. 'Henley Private Wealth Migration Report 2026'ના તાજા આંકડા દર્શાવે છે કે આ વર્ષે અમીરોના સ્થળાંતરે અગાઉના તમામ રૅકોર્ડ તોડી નાખ્યા છે. હવે સમૃદ્ધ પરિવારો સુરક્ષા, વધુ સારી જીવનશૈલી અને સુરક્ષિત રોકાણ માટે પોતાનો દેશ છોડીને અન્ય દેશો તરફ વળી રહ્યા છે. આ વર્ષે રૅકોર્ડ 1.65 લાખ કરોડપતિઓ પોતાનું ઘર અને દેશ છોડશે રિપોર્ટના અંદાજ અનુસાર, આ વર્ષે વિશ્વભરમાંથી રૅકોર્ડ 1.65 લાખ કરોડપતિઓ પોતાનું ઘર અને દેશ છોડીને અન્ય દેશોમાં સ્થાયી થવાના છે. વૈશ્વિક સ્તરે કરોડપતિઓના આ પલાયનમાં છેલ્લા કેટલાક વર્ષોથી જબરદસ્ત વધારો નોંધાયો છે. જો વિતેલા વર્ષોના આંકડા પર નજર કરીએ તો આ ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે: 2026 (અંદાજ): આ વર્ષે રૅકોર્ડ 1.65 લાખ કરોડપતિ પોતાનો દેશ છોડીને અન્યત્ર સ્થાયી થશે. 2025: ગયા વર્ષે 1.42 લાખ અમીરોએ પોતાનો દેશ છોડ્યો હતો. 2024: વર્ષ 2024માં આ આંકડો 1.34 લાખ પર હતો. 2013ની સરખામણીમાં: એક દાયકા પહેલા એટલે કે વર્ષ 2013માં માત્ર 51 હજાર અમીરોએ સ્થળાંતર કર્યું હતું. જેની સરખામણીમાં આજે આ સંખ્યા 3 ગણીથી પણ વધુ વધી ગઈ છે. લંડન-પેરિસ નહીં, ગ્લોબલ વેલ્થ હબ તરીકે ઉભરેલું UAE અમીરોની પ્રથમ પસંદગી નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, અમીર પરિવારોના દેશ છોડવાના કારણોમાં હવે મોટો ફેરફાર આવ્યો છે. અગાઉ મુખ્ય ધ્યાન માત્ર ટેક્સમાં રાહત મેળવવા પર હતું, જ્યારે હવે સમૃદ્ધ પરિવારો સ્થિરતા, સુરક્ષા અને સુદ્રઢ રોકાણ માટે નવા દેશોની પસંદગી કરી રહ્યા છે. આ વૈશ્વિક પરિવર્તન વચ્ચે સંયુક્ત આરબ અમીરાત(UAE) 85.3ના સર્વોચ્ચ વેલ્થ મોબિલિટી સ્કોર સાથે દુનિયાભરના અમીરોની પ્રથમ પસંદગી બની ગયું છે. બીજી તરફ, અમેરિકાનો વેલ્થ મોબિલિટી સ્કોર 62.3 છે અને આશ્ચર્યજનક રીતે અહીંથી સૌથી વધુ લોકો બીજી નાગરિકતા મેળવવા માંગે છે. અમેરિકાના



અરજદારોમાંથી લગભગ અડધા યુરોપ માટે અને 1/4 જેટલા લોકો લેટિન અમેરિકા તથા કેરિબિયન દેશો માટે એપ્લાય કરી રહ્યા છે. અમેરિકા અને બ્રિટન જેવી વૈશ્વિક મહાશક્તિઓને લાગ્યો મોટો ઝટકો અમીરોના દેશ છોડવાના આ ટ્રેન્ડે વિશ્વની મહાશક્તિઓને ચિંતામાં મૂકી દીધી છે. ખાસ કરીને અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાંથી બહાર જતા ધનિકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. બ્રિટન હાલમાં અમીરોના સ્થળાંતરના મામલે વિશ્વનું 5મું સૌથી મોટું સોર્સ માર્કેટ બની ગયું છે. રસપ્રદ બાબત એ છે કે બ્રિટન છોડવા માટે અરજી કરનારાઓમાં લગભગ અડધા લોકો મૂળ બ્રિટિશ નાગરિકો જ છે. ભારતીય અમીરો પણ કરી રહ્યા છે પલાયન, કડક ટેક્સ નિયમો મુખ્ય કારણ આ વૈશ્વિક રિપોર્ટમાં ભારત વિશે પણ મહત્ત્વપૂર્ણ વિગતો રજૂ કરવામાં આવી છે. ભારતનો વેલ્થ મોબિલિટી સ્કોર 56.5 છે, જે તેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત પડકારો ધરાવતી શ્રેણીમાં મૂકે છે. ભારતીય અમીરોના દેશ છોડવા પાછળ મુખ્યત્વે બે મોટા પરિબળો જવાબદાર માનવામાં આવી રહ્યા છે: પ્રથમ, મૂડી પર મર્યાદિત લોકોનું નિયંત્રણ અને દ્વિતીય, દેશના જટિલ અને કડક ટેક્સ નિયમો. આજના સમયમાં ભારતીય સમૃદ્ધ પરિવારો માટે વિદેશી નાગરિકતા મેળવવી માત્ર શોખ નથી રહ્યો, પરંતુ તે તેમની એસ્ટેટ પ્લાનિંગ અને ટેક્સ સ્ટ્રક્ચરિંગનો મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો છે. જેના દ્વારા તેઓ પોતાના બાળકોના ઉચ્ચ શિક્ષણ, બિઝનેસના વૈશ્વિક વિસ્તરણ અને વારસાગત આયોજનને વધુ સરળ બનાવી રહ્યા છે. વિશ્વભરના કરોડપતિઓના આ સ્થળાંતરનો કેટલાક દેશો ભરપૂર લાભ ઉઠાવી રહ્યા છે.

# બાળકોને શ્રેષ્ઠ બનાવવાના હોય તો પહેલાં માતા-પિતાએ પોતાના મનના પાંજરાને ઓળખવું પડશે

સફળતા અને મર્યાદા વચ્ચેનો સૌથી મોટો તફાવત - મનનું કન્ડીશનિંગ

જંગલમાં રહેતું સસલું બહારથી મુક્ત દેખાય છે, પરંતુ જો તેનું બાળપણ કોઈ પાંજરામાં પસાર થયું હોય તો તે ઘણીવાર એ જ પાંજરાને પોતાની સુરક્ષા અને આરામનું સ્થાન માને છે. બહાર આખું વિશ્વ ખુલ્લું હોવા છતાં તે ફરી પાછું ત્યાં જ જવાનું પસંદ કરે છે. કારણ કે તેના મનમાં એ માન્યતા બેસી ગઈ છે કે 'આ જ મારી દુનિયા છે, આ જ મારી સલામતી છે.'

માણસના જીવનમાં પણ ઘણીવાર આવું જ બને છે. બાળપણથી આપણને જે વાતો વારંવાર કહેવામાં આવે છે, જે ડર બતાવવામાં આવે છે, જે મર્યાદાઓ સમજાવવામાં આવે છે, તે ધીમે ધીમે આપણા વિચારોનો ભાગ બની જાય છે. પછી ભલે દુનિયામાં અસંખ્ય તકો હોય, છતાં આપણે આપણા મનના બનાવેલા પાંજરામાં જ જીવતા રહીએ છીએ. આપણે માનવા લાગીએ છીએ કે 'આપણા ઘરના લોકો તો આવું જ કરે છે', 'આપણે એટલું જ મેળવી શકીએ', 'આપણા નસીબમાં એટલું જ લખ્યું છે.' આ વિચારો વ્યક્તિની ક્ષમતાને ધીમે ધીમે સીમિત કરી દે છે.

ઘણા લોકો જીવતા નથી, માત્ર સર્વાઈવલ મોડમાં જીવે છે

માણસનું જીવન માત્ર ખાવા, કમાવા અને દિવસ પસાર કરવા માટે નથી. પરંતુ ઘણા લોકોનું આખું જીવન માત્ર જીવતા રહેવાની લડાઈમાં જ પસાર થઈ જાય છે. તેઓ પોતાના સપનાઓ, પોતાની ક્ષમતાઓ અને પોતાના વિકાસ વિશે વિચારતા જ નથી. કારણ કે તેમને બાળપણથી શીખવવામાં આવ્યું હોય છે કે જોખમ ન લો, પ્રશ્ન ન પૂછો, નવું ન શીખો અને જે ચાલી રહ્યું છે તેને જ સ્વીકારી લો.

આવી માનસિકતા વ્યક્તિને ક્યારેય ઊંચાઈઓ સુધી પહોંચવા દેતી નથી. તે હંમેશા ડરના આધારે નિર્ણય લે છે. જ્યાં ડર હોય ત્યાં વિકાસ થતો નથી. જ્યાં માત્ર સુરક્ષાની ચિંતા હોય ત્યાં સર્જનાત્મકતા જન્મતી નથી. અને જ્યાં પ્રશ્નો પૂછવાની હિંમત ન હોય ત્યાં જ્ઞાનનો વિકાસ પણ અટકી જાય છે.

શિક્ષણ માત્ર ડિગ્રી નહીં, પરંતુ જાગૃતિ છે

ઘણા લોકો શિક્ષણનો અર્થ માત્ર શાળા, કોલેજ અને ડિગ્રી સુધી મર્યાદિત રાખે છે. પરંતુ સાચું શિક્ષણ એ છે જે માણસને પોતાની મર્યાદાઓ ઓળખવાનું શીખવે. જે વ્યક્તિને વિચારવાની નવી દૃષ્ટિ આપે. જે તેને શીખવે કે જે માન્યતાઓ તેણે વર્ષોથી સાચી માની છે, તે કદાચ સંપૂર્ણ સત્ય ન પણ હોય.

જ્યારે વ્યક્તિ શીખવાનું શરૂ કરે છે ત્યારે તે સમજવા લાગે છે કે જીવનમાં ઘણી બધી મુશ્કેલીઓ નસીબના કારણે નહીં પરંતુ ખોટી માન્યતાઓના કારણે ઉભી થાય છે. તે સમજવા લાગે છે કે બદલાવ શક્ય છે. નવી કુશળતાઓ શીખી શકાય છે. નવા રસ્તા બનાવી શકાય છે. અને જીવનને વધુ સારું બનાવી શકાય છે.

વાલીપણું એટલે માત્ર ઉછેર નહીં, પરંતુ વિચારધારાનો વારસો

બાળકો આપણું કહેવું ઓછું સાંભળે છે, પરંતુ આપણું જીવવું ખૂબ ધ્યાનથી જુએ છે. માતા-પિતા જે રીતે વિચારે છે, જે રીતે સમસ્યાઓનો સામનો કરે છે, જે રીતે લોકો સાથે વર્તે છે અને જે રીતે શીખતા રહે છે, તે બધું બાળકો અજાણતાં જ શીખી લે છે.

જો ઘરમાં હંમેશા ફરિયાદ, ડર, નિરાશા અને મર્યાદાઓની વાતો થતી હોય તો બાળકના મનમાં પણ એ જ બીજ વવાય છે. પરંતુ જો ઘરમાં જિજ્ઞાસા, શીખવાની ભાવના, મહેનત, આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારસરણી હોય તો બાળક પણ એ જ ગુણો વિકસાવે છે.

વાલીપણું એટલે બાળકોને માત્ર ખોરાક, કપડાં અને શિક્ષણ આપવું નહીં; પરંતુ તેમને એવો માનસિક વારસો આપવો કે જે તેમને જીવનમાં આગળ વધવા માટે શક્તિ આપે.

બાળકોમાં સફળતાના પેટર્ન કેવી રીતે વિકસે છે?

દરેક બાળક જન્મથી જ અદભુત સંભાવનાઓ લઈને આવે છે. કોઈપણ બાળક જન્મથી આળસુ, નિષ્ફળ કે નબળું નથી હોતું. તેના જીવનની દિશા મોટા ભાગે તેના વાતાવરણ, અનુભવો અને તેને મળતા માર્ગદર્શનથી ઘડાય છે.

જો બાળકને સતત પ્રોત્સાહન મળે, પ્રશ્ન પૂછવાની છૂટ મળે, ભૂલો કરવાની મંજૂરી મળે અને નવી વસ્તુઓ શીખવાની પ્રેરણા મળે તો તે આત્મવિશ્વાસી બને છે. બીજી તરફ જો તેને સતત ટીકા, તુલના અને ડર મળે તો તે પોતાની ક્ષમતાઓ પર શંકા કરવા લાગે છે.

સફળતા કોઈ એક દિવસની ઘટના નથી. તે રોજિંદા નાના વિચારો, નાની આદતો અને નાના નિર્ણયોનું પરિણામ છે. માતા-પિતા જો આ નાના પેટર્ન બાળકોમાં સ્થાપિત કરી શકે તો ભવિષ્યમાં મોટા પરિણામો સ્વાભાવિક રીતે જોવા મળે છે.

મોટા ફેરફારો માટે હંમેશા મોટા કાર્યક્રમોની જરૂર નથી

ઘણા લોકો માને છે કે જીવન બદલવા માટે મોટી મોટી સેમિનાર, મોંઘા કોર્સ અથવા વિશાળ કાર્યક્રમોમાં જવું જરૂરી છે. પરંતુ હકીકતમાં જીવનના મોટા પરિવર્તનો ઘણીવાર નાની બાબતોથી શરૂ થાય છે.

દરરોજ 20 મિનિટ વાંચવું, બાળકો સાથે અર્થપૂર્ણ વાતચીત કરવી, તેમને પ્રશ્ન પૂછવા પ્રોત્સાહિત કરવું, પોતાની ભૂલો સ્વીકારવી, અને સતત શીખવાની આદત વિકસાવવી – આ નાની લાગતી બાબતો લાંબા ગાળે અદ્ભુત પરિણામો આપે છે.

બાળકને જીવનમાં સફળ બનાવવું હોય તો માતા-પિતાએ પહેલા પોતે શીખનાર બનવું પડે. કારણ કે બાળકોને ઉપદેશ કરતાં ઉદાહરણ વધુ અસર કરે છે.

શું વાલીપણાની ઘણી સમસ્યાઓ ખરેખર સમસ્યાઓ છે?

ઘણીવાર માતા-પિતા ફરિયાદ કરે છે કે બાળક ધ્યાન આપતું નથી, ભણવામાં રસ લેતું નથી, જવાબદાર નથી બનતું અથવા આત્મવિશ્વાસની કમી છે. પરંતુ ઘણી વખત મૂળ સમસ્યા બાળકમાં નહીં, પરંતુ ઘરના વાતાવરણ અને માનસિકતામાં હોય છે.

બાળક ઘણીવાર ઘરની અંદર જે જુએ છે તેનું પ્રતિબિંબ બની જાય છે. તેથી સમસ્યાને માત્ર બાળકના વર્તનમાં શોધવાને બદલે સમગ્ર વાતાવરણને જોવાની જરૂર છે. ઘણીવાર જે સમસ્યા દેખાય છે તે માત્ર એક લક્ષણ હોય છે; મૂળ કારણ વિચારધારા અને વાતાવરણમાં છુપાયેલું હોય છે.

દરેક બાળકમાં ભગવાને સંભાવનાનું બીજ મૂક્યું છે

દરેક બાળક પોતાના અંદર કોઈને કોઈ વિશેષતા લઈને જન્મે છે. કોઈમાં નેતૃત્વની શક્તિ હોય છે, કોઈમાં સર્જનાત્મકતા હોય છે, કોઈમાં સંવેદના હોય છે અને કોઈમાં અદ્ભુત જિજ્ઞાસા હોય છે. માતા-પિતાનું કાર્ય એ બીજને ઓળખીને તેને યોગ્ય માહોલ આપવાનું છે.

બાળકોને પોતાના અધૂરા સપનાઓ પૂરા કરવાનું સાધન ન બનાવવું જોઈએ. તેના બદલે તેમને પોતાની ઓળખ, પોતાની ક્ષમતા અને પોતાનો માર્ગ શોધવામાં મદદ કરવી જોઈએ. કારણ કે જ્યારે બાળક પોતાની સાચી શક્તિ ઓળખે છે ત્યારે સફળતા માત્ર શક્યતા નહીં, પરંતુ સ્વાભાવિક પરિણામ બની જાય છે.

નિષ્કર્ષ

બાળકોનું ભવિષ્ય માત્ર તેમની શાળા કે પુસ્તકો નક્કી કરતા નથી; તેમના માતા-પિતાની વિચારસરણી, ઘરના સંસ્કારો અને શીખવાની સંસ્કૃતિ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. જો માતા-પિતા પોતાના મનના પાંજરામાંથી બહાર આવવાની હિંમત કરે, સતત શીખતા રહે અને વિકાસશીલ માનસિકતા અપનાવે, તો તેઓ પોતાના બાળકોને એવી ઉડાન આપી શકે છે જે કોઈ મર્યાદા સ્વીકારતી નથી.

બાળકોને સફળ બનાવવાનો સૌથી સરળ રસ્તો તેમને બદલવાનો નથી, પરંતુ એવું વાતાવરણ બનાવવાનો છે જેમાં તેમની અંદર રહેલી સંભાવનાઓ સ્વાભાવિક રીતે ખીલી શકે.

**- વિચાર અને લેખન ધર્મેશ ગાંધી દ્વારા**

# સલૂનમાં 'હેર વોશ' એટલે જીવનું જોખમ!

લોકો અવારનવાર ગ્રૂમિંગ માટે સલૂન જાય છે. અહીં હેર કટથી લઈને હેર વોશ અને સ્પા સુધીની ઘણી સેવાઓ મળે છે. લોકો પોતાની પસંદ અને જરૂરિયાત મુજબ સેવાઓ પસંદ કરે છે. શું તમને ખબર છે કે હેર વોશ દરમિયાન માથાને લાંબા સમય સુધી પાછળ ઝુકાવી રાખવાથી સ્ટ્રોક થઈ શકે છે.

વર્ષ 2025માં 'ધ અમેરિકન જર્નલ ઓફ ઈમરજન્સી મેડિસિન'માં આ વિશે એક રિવ્યૂ પ્રકાશિત થયો હતો. તેમાં છેલ્લા 50 વર્ષમાં પાર્લરમાં થયેલા સ્ટ્રોકના 54 કેસોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આમાંથી મોટાભાગની ઘટનાઓ સલૂનમાં હેર વોશ દરમિયાન બની હતી. આ સ્થિતિને 'બ્યુટી પાર્લર સ્ટ્રોક સિન્ડ્રોમ' કહેવામાં આવે છે. આ એક ગંભીર સ્વાસ્થ્ય સ્થિતિ છે, જે સલૂનમાં વાળ ધોતી વખતે ગરદનને વધુ પડતી પાછળ નમાવવાને કારણે થઈ શકે છે. તેને મુદ્દાઓ દ્વારા સમજો- સલૂનમાં હેર વોશ દરમિયાન ઘણીવાર ગરદનને લાંબા સમય સુધી પાછળની તરફ નમાવીને રાખવી પડે છે. આ પોઝિશનથી ગરદનની બ્લડ વેસલ્સ પર દબાણ આવે છે. જેનાથી નુકસાન થવાનું જોખમ વધી શકે છે. આના કારણે મગજ સુધી લોહીનો પ્રવાહ બગડી શકે છે. આનાથી સ્ટ્રોક અથવા મિની-સ્ટ્રોક (ટ્રાન્ઝિયન્ટ ઈસ્કેમિક એટેક)નું જોખમ વધી જાય છે. તેનું મુખ્ય કારણ વાળ ધોતી વખતે ગરદનને લાંબા સમય સુધી પાછળ નમાવીને રાખવી છે. તેને આ રીતે સમજો- મગજને સતત ઓક્સિજન અને લોહીની જરૂર હોય છે. આ ગરદનમાંથી પસાર થતી રક્તવાહિનીઓ દ્વારા પહોંચે છે. જ્યારે હેર વોશ દરમિયાન ગરદનને ખૂબ પાછળ નમાવવામાં આવે છે ત્યારે આ વાહિનીઓ પર દબાણ કે ખેંચાણ આવી શકે છે. આના કારણે મગજ સુધી પહોંચતો રક્ત પ્રવાહ અસ્થાયી રૂપે પ્રભાવિત થઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં ધમનીઓના અંદરના સ્તરને નુકસાન પણ થઈ શકે છે. આનાથી લોહી ગંઠાઈ જવાનું જોખમ વધી જાય છે. જો રક્ત પ્રવાહ અવરોધાય અથવા કોઈ ગંઠાઈ ગયેલું લોહી મગજ સુધી પહોંચી જાય તો સ્ટ્રોક કે મિની-સ્ટ્રોક થઈ શકે છે.

# હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલીના પ્લાન પર સાઉદી મેદાને

તેહરાન

ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા સમજૂતી કરારમાં હોર્મુઝ સ્ટ્રેટ અંગે લેવાયેલા નિર્ણયથી સાઉદી અરેબિયા નારાજ છે. કરાર મુજબ 60 દિવસ પછી ઈરાની અધિકારીઓ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પાસેથી ફી વસૂલશે. સાઉદી સરકારે આ જોગવાઈનો વિરોધ કરતાં જહાજોની અવરજવર ફ્રી રાખવાની માંગ કરી છે. જૂની વ્યવસ્થા જાળવી રાખવા સાઉદીની માંગ સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાને (Saudi Arabia Foreign Minister Prince Faisal bin Farhan) જણાવ્યું છે કે, 28 ફેબ્રુઆરીના હુમલા પહેલા હોર્મુઝનું સંચાલન વ્યવસ્થિત ચાલતું હતું.



તેમણે કહ્યું કે, યુદ્ધ પહેલા સુરક્ષા કે પર્યાવરણને લગતી કોઈ સમસ્યા ન હતી અને કોઈ ટોલ પણ લેવાતો ન હતો. સંઘર્ષના બહાને કોઈ નવી ટોલ સિસ્ટમ થોપવી જોઈએ નહીં અને જૂની વ્યવસ્થા જ ફરી લાગુ થવી જોઈએ. ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયા(Iran President Masoud Pezeshkian)ને ગુરુવારે અમેરિકા સાથે થયેલા શાંતિ કરારનો દસ્તાવેજ જાહેર કર્યો હતો. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા 14 મુદ્દાઓના આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટની જોગવાઈ સૌથી મહત્ત્વની છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે જળમાર્ગ તેના નિયંત્રણમાં છે અને યુરોપિયન નૌકા મિશનની કોઈપણ યોજના સ્વીકારવામાં આવશે નહીં.

બે મહિના પછી લાગુ થશે નવું માળખું

ઈરાનના જણાવ્યા અનુસાર કરાર પર હસ્તાક્ષર થયાના 60 દિવસ સુધી કોમર્શિયલ જહાજોને વિનામૂલ્યે અને સુરક્ષિત રીતે પસાર થવા દેવામાં આવશે. ત્યારબાદ સર્વિસ ચાર્જ વસૂલવા માટે એક નવું માળખું સૂચવવામાં આવ્યું છે, જેનું સંચાલન ઓમાન અને ઈરાન સંયુક્ત રીતે કરશે.




પાક્કો ગુજરાત

શનિવાર | 20 જૂન 2026 | અમદાવાદ

# છોટાઉદેપુર, NH-56 પર ચિસાડિયા રેલવે ઓવરબ્રિજની મરામતમાં હલકી કક્ષાની કામગીરીનો આક્ષેપ : સ્થાનિક ગ્રામજનોએ કામની ગુણવત્તા સામે ઉઠાવ્યા ગંભીર સવાલો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના રાઠ વિસ્તારમાંથી પસાર થતા અને ગુજરાતને મધ્યપ્રદેશ સાથે જોડતા નેશનલ હાઈવે નંબર 56 પર ચિસાડિયા રેલવે ટ્રેક ઉપર આવેલા ઓવરબ્રિજની મરામતની કામગીરી હાલ વિવાદોમાં સપડાઈ છે. આ બ્રિજના સમારકામમાં અત્યંત હલકી કક્ષાની સામગ્રી અને નીચી ગુણવત્તાનું કામ થઈ રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો છે. આ બાબતની જાણ થતાં આમ આદમી પાર્ટી (AAP) ના વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવાએ ઘટનાસ્થળે પહોંચી જાત તપાસ કરી હતી, જ્યાં તેમની અને રેલવેના જવાબદાર અધિકારીઓ વચ્ચે તીખી તકરાર થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હજારો વાહનોની અવરજવરથી ધમધમતા આ ઓવરબ્રિજની મરામતની કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ અંગે 'આપ' નેતા વિનુભાઈ રાઠવા તથા જિલ્લા પંચાયત સદસ્ય સુખરામ રાઠવા એ સ્થળ પર જઈ અધિકારીઓને કામગીરીની નબળી ગુણવત્તા બાબતે સવાલો કર્યા હતા. જોકે, જવાબદાર અધિકારીઓ યોગ્ય ખુલાસો આપવાના બદલે ગોળ-ગોળ જવાબો આપતા નજરે પડ્યા હતા. અધિકારીઓએ એવું કહીને પલ્લું ઝાડી દીધું હતું કે, 'કામગીરી પૂરી થાય ત્યારે જોજો.' અધિકારીઓના આવા બિનજવાબદાર વલણને કારણે માહોલ ગરમાયો હતો અને નેતા તથા અધિકારી વચ્ચે ભારે રકઝક અને ચકમક ઝરી હતી. વિનુભાઈ રાઠવાએ તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે કરોડોના ખર્ચે થતી લોકઉપયોગી કામગીરીમાં ભ્રષ્ટાચાર કે નબળું કામ બિલકુલ ચલાવી લેવામાં નહીં આવે.

હાલ છોટાઉદેપુર જિલ્લામાં બ્રિજોની સ્થિતિ અત્યંત દયનીય બની ચૂકી છે. યોગ્ય જાળવણી અને મેઈન્ટેનન્સના અભાવે જિલ્લાના અનેક બ્રિજો બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયા છે. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા કેટલાક બ્રિજ પરથી ભારે માલવાહક વાહનોની અવરજવર પર પ્રતિબંધ પણ મૂકી દેવામાં આવ્યો છે. આના કારણે ટ્રક અને અન્ય ભારે વાહનોને કિલોમીટરો સુધીનો લાંબો ફેરો (ડાયવર્ઝન) ખાવો પડી રહ્યો છે. અને જે વૈકલ્પિક રસ્તાઓ ફાળવવામાં આવ્યા છે, તેની હાલત પણ એટલી જ ખરાબ છે, જેનાથી વાહનચાલકોનો સમય અને ઈંધણ બંનેનો વેડફાટ થઈ રહ્યો છે.

નેશનલ હાઈવે 56 એ માત્ર છોટાઉદેપુર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચેના આંતરરાજ્ય વ્યાપાર અને પરિવહન માટેની મુખ્ય જીવાદોરી છે. આ હાઈવે પરથી રોજબરોજ હજારો નાના-મોટા અને ભારે માલવાહક વાહનો પસાર થાય છે. આવા વ્યસ્ત અને મહત્વના માર્ગ પર આવેલો ચિસાડિયા રેલવે બ્રિજ જો નબળી ગુણવત્તા સાથે રીપેર કરવામાં આવે, તો ભવિષ્યમાં મોટી હોનારત સર્જાઈ શકે છે.

**ગુજરાત-મધ્યપ્રદેશને જોડતા મુખ્ય માર્ગ પર નબળા કામથી અકસ્માતનો ભય**



## વાગરાના વાવમાંથી 20 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# રોયલ્ટી વિના માટી વહન કરતું ડમ્પર ઝડપાયું : રાત્રિના દરોડાની માંગ ઉઠી

ભરૂચ, રંગુની જાકીર

વાગરા પંથકમાં ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે તંત્રએ કડક કાર્યવાહી કરી છે. વાગરા મામલતદારે વાવ વિસ્તારમાં દરોડો પાડી રોયલ્ટી પાસ વિના માટીનું વહન કરતું એક હાઈવા ડમ્પર નંબર GJ-06-BX-9864 ઝડપી પાડ્યું હતું. આ ડમ્પરમાં આશરે 45 ટન ગેરકાયદેસર માટી ભરેલી હતી. તંત્ર દ્વારા આ કાર્યવાહીમાં આશરે 20 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

કાયદેસરની કાર્યવાહી માટે આ વાહન વાગરા પોલીસને સુપરત કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. જોકે, તંત્રની આ કાર્યવાહી માત્ર એક નાનો અંશ હોવાનું મનાય છે. વાગરાની સાયખા GIDC અને



સારણ ગામની સીમ સહિતના વિસ્તારોમાં રાત્રિના સમયે મોટા પાયે ગેરકાયદેસર માટી ખનનનું નેટવર્ક સક્રિય હોવાના અહેવાલો છે. આ વિસ્તારોમાં રાત્રિના સમયે આકસ્મિક દરોડા પાડીને કરોડો રૂપિયાની ગેરરીતિઓ ઉજાગર કરવાની માંગ ઉઠી છે.

## બનાસકાંઠા LCBનો સપાટો: 6.44 લાખનો મુદ્દામાલ જપ્ત!

# ડીસા નજીક ફિલ્મી ઢબે પીછો કરીને દારૂ ભરેલી વર્ના ગાડી ઝડપી પાડી

**થોડી જ વારમાં બાતમી વાળી કાળા કલરની વર્ના ગાડી આવતા પોલીસે તેને ઊભી રાખવા ઈશારો કર્યો હતો. પરંતુ, પોલીસને જોઈને બુટલેગરોના હોશ ઊડી ગયા હતા**

પાલનપુર/ડીસા

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારોમાંથી થતી દારૂની હેરાફેરી નેસ્તનાબૂદ કરવા માટે લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ કમર કસી છે. પોલીસ મહાનિરીક્ષક શ્રીમતી પરીક્ષિતા રાઠોડ અને બનાસકાંઠા પોલીસ વડા પ્રશાંત સુંબેની સૂચનાથી જિલ્લામાં દારૂબંધી અંગે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવવામાં આવી છે. જેના ભાગરૂપે એલ.સી.બી. ઈન્સ્પેક્ટર ડી.એમ.રાઠોડની આગેવાની હેઠળની ટીમે ડીસા નજીક જાવલ ખાતેથી વિદેશી દારૂની હેરાફેરીનું મોટું નેટવર્ક પકડી પાડીને એક ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે.

એલ.સી.બી.ની ટીમને ચોક્કસ અને પાકી બાતમી મળી હતી કે, ફાગુદ્રા તરફથી એક



કાળા કલરની હ્યુન્ડાઇ વર્ના ગાડી (નંબર: GJ-02-BP-1001) માં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને બુટલેગરો મોટી રોબસ થઈ ડીસા તરફ જઈ રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક મોટી રોબસ ગામની સીમમાં વોચ ગોઠવી નાકાબંધી કરી દીધી હતી.

થોડી જ વારમાં બાતમી વાળી કાળા કલરની વર્ના ગાડી આવતા પોલીસે તેને ઊભી રાખવા ઈશારો કર્યો હતો. પરંતુ, પોલીસને જોઈને બુટલેગરોના હોશ ઊડી ગયા હતા અને ચાલકે ગાડી ઊભી રાખવાના બદલે ત્યાંથી ભગાડી મૂકી હતી. એલ.સી.બી.ની ટીમે પણ ફિલ્મી સ્ટાઈલમાં આ શંકાસ્પદ ગાડીનો પીછો કર્યો હતો. પોલીસ પાછળ જ પડતાં ગભરાયેલા ચાલકે ગાડીને જાવલ ગામ તરફ ભગાવી હતી, જ્યાં કાબૂ ગુમાવતાં ગાડી રસ્તાની સાઈડમાં એક મોટા પથ્થર સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી.

## વાગરાના હરીનગરમાં રૂ. 1.5 કરોડનો મુદ્દામાલ જપ્ત

# સરકારી જમીનમાં ચાલતું કરોડોનું ગેરકાયદેસર માટી ખનન ઝડપાયું

### ચોમાસાની સિઝન નજીક આવતાં વાગરા પંથકમાં ભૂમાફિયાઓ વધુ સક્રિય બન્યા હોવાનું સામે આવી રહ્યું છે

વાગરા, સૈફ અલી ભટ્ટી

ભરૂચ જિલ્લા વહીવટી તંત્રએ સરકારી સંસાધનોની લૂંટ ચલાવતા ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીની ટીમે 17 જૂન, 2026ની મધરાતે વાગરા તાલુકાના હરીનગર ગામની સીમમાં આવેલા સરકારી સર્વે નંબર-10માં ઓચિંતી રેડ પાડી મોટા પાયે ચાલતું ગેરકાયદેસર માટી ખનન ઝડપી પાડ્યું હતું.

ભૂમાફિયાઓ કોઈપણ પ્રકારની કાયદેસરની મંજૂરી વિના સરકારી જમીનમાંથી માટીનું ખનન કરી રાજ્ય સરકારને રોયલ્ટીનું નુકસાન પહોંચાડી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. પ્રશાસનની ટીમ સ્થળ પર પહોંચતા જ ભારે નાસભાગ મચી ગઈ હતી.

તંત્ર દ્વારા સ્થળ પરથી માટીથી ભરેલી બે ટ્રકો, માટી







ભરવા માટે ઉભેલી અન્ય બે ખાલી ટ્રકો તેમજ ગેરકાયદે ખોદકામ માટે ઉપયોગમાં લેવાતા બે હિટાચી મશીનો સહિત અંદાજે રૂ. 1.5 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જોકે અંધારાનો લાભ લઈને બે ટ્રકો ફરાર થઈ જવામાં સફળ રહી હતી, જેને શોધવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# ઉ. ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો મોડી રાત્રે ભિલોડામાં 3 અને ધનસુરામાં પોણા 3 ઇંચ વરસાદ ખાબક્યો

ઈડર, જાકીર મેમણ

ઉત્તર ગુજરાતમાં મોડી રાત્રે વાતાવરણમાં હળવી ગાજવીજ સાથેવાતાવરણમાં પલટો આવ્યો હતો. ગુરૂવાર સાંજે 6 વાગ્યા સુધીમાં અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વચ્ચે 19 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. 1 ઈંચથી વધુ વરસાદ ધરાવતાં 9 તાલુકામાં સૌથી વધુ સતલાસણા અને ભિલોડામાં 3-3 ઈંચ વરસાદ ખાબક્યો હતો.

અત્યાર સુધી કોરોધાકોર રહેલા સતલાસણામાં માત્ર 4 કલાકમાં 3 ઈંચ વરસાદના કારણે સિઝનનો 9.77 ટકામાં નોંધાયો હતો. આ જ સ્થિતિ ભિલોડાની રહી છે. અહીં 3 ઈંચ વરસાદે એક દિવસમાં સિઝનની 8.16 ટકા વરસાદ થઈ ચૂક્યો છે. વરસાદી માહોલના કારણે અઢી ડિગ્રીના ઘટાડાના કારણે વહેલી સવારનું તાપમાન 26.8 ડિગ્રીની આસપાસ રહ્યું હતું. 16 દિવસ બાદ તાપમાન 27 ડિગ્રીથી નીચે આવતાં સવારે થોડા સમય માટે વાતાવરણમાં ઠંડક રહી હતી. જ્યારે દિવસનું તાપમાન 38.5 ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યું હતું. જ્યારે અરવલ્લી જિલ્લામાં 4 પશુનાં મોત થયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે પાટણ જિલ્લાને બાદ કરતાં ઉત્તર ગુજરાતના 5 જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ વરસી શકે છે. ધનસુરા તાલુકામાં આશરે પોણા ત્રણ ઈંચ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રાત્રે 8 થી 10 દરમિયાન ભિલોડામાં ધોધમાર 40 મીમી વરસાદ ખાબક્યો હતો. જ્યારે રાત્રે 10 થી 12 દરમિયાન ધનસુરામાં 45 મીમી અને ભિલોડામાં વધુ 35 મીમી વરસાદ નોંધાયો હતો. મધ્યરાત્રે બાયડ અને સાઠંબા પંથકમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. ગાબટમાં, ધનસુરાના આકોડીયા અને મોડાસાના છાત્રેશ્વરીમાં પશુનાં બાયડ તાલુકાના ગાબટમાં દરબારગઢ વિસ્તારમાં રહેતા પશુપાલક દિપકસિંહ રાજેન્દ્રસિંહના ઘરની આગળ વીજળી પડતાં બે પશુનાં મોત નીપજ્યા હતા.

## કતારથી LNG ભરેલું જહાજ ભરૂચના દહેજ બંદરે આવી પહોંચ્યું

# હોર્મુઝ સ્ટ્રેટ પાર કરનાર પ્રથમ ભારતીય કેરિયર જહાજમાં અંદાજે 62 હજાર મેટ્રિક ટન LNG કાર્ગો

ભરૂચ, રંગુની જાકીર

મધ્યપૂર્વમાં તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચે વધેલી પરિસ્થિતિને કારણે પર્શિયન ગલ્ફમાં અટવાયેલું LNG ટેન્કર 'દિશા' સુરક્ષિત રીતે ગુજરાતના ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત LNG ટર્મિનલ પર પહોંચી ગયું છે. આ ટેન્કર ભારત માટે મહત્વપૂર્ણ LNG કાર્ગો લઈને આવ્યું છે.

ટેન્કર 'દિશા'એ 2 માર્ચના રોજ કતારના રાસ લાફાન LNG ટર્મિનલ પરથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)નો કાર્ગો ભર્યો હતો. જોકે, હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં અસ્થિર પરિસ્થિતિને કારણે જહાજ લગભગ ત્રણ મહિનાથી વધુ સમય સુધી પર્શિયન ગલ્ફમાં ફસાયેલું રહ્યું હતું.

15 જૂનના રોજ ટેન્કર 'દિશા'એ




સફળતાપૂર્વક હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યો હતો. તે 19 જૂને દહેજ LNG ટર્મિનલ પર સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. ટેન્કરમાં કુલ 62,370 મેટ્રિક ટન LNGનો જથ્થો છે.

આ જહાજનું સંચાલન શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI) દ્વારા કરવામાં આવે છે અને તે પેટ્રોનેટ LNG લિમિટેડ માટે ચાર્ટર કરાયું છે. મધ્યપૂર્વમાં વધેલા તણાવ બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા પ્રથમ ભારતીય LNG કેરિયર્સમાં 'દિશા'નો સમાવેશ થાય છે.

દહેજ LNG ટર્મિનલ દેશનું સૌથી મોટું LNG આયાત કેન્દ્ર છે. તેથી, 'દિશા'નું સુરક્ષિત આગમન ભારતના ગેસ પુરવઠા માટે મહત્વપૂર્ણ છે. વિશ્વના ઊર્જા વેપાર માટે વ્યૂહાત્મક ગણાતા હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી અનિશ્ચિતતાની અસર LNG અને ક્રૂડ ઓઈલના વૈશ્વિક વેપાર પર પણ જોવા મળી હતી. દહેજ ટર્મિનલ પર પહોંચેલા LNG કાર્ગોને સંગ્રહિત કરવામાં આવશે. ત્યારબાદ તેનું દેશના વિવિધ ઉદ્યોગો, વીજ ઉત્પાદન એકમો અને અન્ય ક્ષેત્રોમાં ગેસ પુરવઠા માટે વિતરણ કરાશે.

## નર્મદા નદી મારફતે દારૂની હેરાફેરીનો મોટો પ્રયાસ નિષ્ફળ

# એલસીબીની કાર્યવાહીથી રૂપિયા 10.33 લાખનો મુદ્દામાલ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં દારૂબંધીના દાવાઓ વચ્ચે નર્મદા નદી મારફતે વિદેશી દારૂની હેરાફેરીનો મોટો પ્રયાસ એલસીબી પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. નસવાડી પોલીસ સ્ટેશન વિસ્તારના કુપ્પા ગામે નર્મદા નદી કિનારે બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસે સ્થળ પરથી કુલ 3,550 બોટલ વિદેશી દારૂ કબ્જે કર્યો હતો, જેની કિંમત રૂ.9.33 લાખથી વધુ હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી નાવડી સહિત કુલ રૂ.10.33 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં આરોપી દામજીભાઈ ફુલજીભાઈ ભીલ પોલીસને જોઈ નર્મદા નદી કિનારેથી નજીકના ડુંગરાળ વિસ્તારમાં ફરાર થઈ ગયો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

જોકે આ સફળ કાર્યવાહી બાદ અનેક ગંભીર પ્રશ્નો પણ ઊભા થયા છે. નર્મદા નદી મારફતે




દારૂનો જથ્થો કુપ્પા ગામ સુધી પહોંચી જાય, છતાં સ્થાનિક પોલીસને અગાઉથી કોઈ જાણકારી કેમ ન મળી? દારૂની હેરાફેરીનું આ નેટવર્ક કેટલા સમયથી સક્રિય હતું? અને આ સમગ્ર ગતિવિધિ દરમિયાન સ્થાનિક સ્તરે દેખરેખ ક્યાં હતી?

# ચોમાસાની આગાહી પર ગુજરાતમાં જંગ! અંબાલાલ પટેલ અને જયંત પંડ્યા સામસામે

- **એક તરફ પરંપરાગત વરતારો તો બીજી તરફ વિજ્ઞાનનો તર્ક: સોશિયલ મીડિયા પર જામ્યો સોગઠબાજીનો ખેલ**
- **અંબાલાલ પટેલનો પક્ષ: "હું પ્રકૃતિના નિયમો, વાયુના વહેણ અને નક્ષત્રોના આધારે ગણતરી કરું છું. મારી આગાહીઓ વર્ષોથી ખેડૂતોને મદદરૂપ સાબિત થઈ છે અને કુદરતના સંકેતો ક્યારેય ખોટા નથી હોતા."**

ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થતાં જ ખેડૂતો અને સામાન્ય જનતા વરસાદની કાગડોળે રાહ જોતી હોય છે. પરંતુ આ વખતે વરસાદ પડે કે ન પડે, આગાહીકારો વચ્ચેનો માહોલ ગરમ થઈ ગયો છે. ગુજરાતના સુપ્રસિદ્ધ પરંપરાગત આગાહીકાર અંબાલાલ પટેલ અને અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના પ્રમુખ જયંત પંડ્યા વરસાદના વરતારાને લઈને આમને-સામને આવી ગયા છે. આ વિવાદ હવે માત્ર ટીવી સ્ટુડિયો પૂરતો સીમિત નથી રહ્યો, પણ સોશિયલ મીડિયા પર પણ આ મામલે ભારે ચર્ચા જાગી છે.

અંબાલાલ પટેલ પોતાના પરંપરાગત જ્યોતિષીય વરતારા, ગ્રહોની ચાલ અને પવનની દિશાના આધારે વર્ષોથી વરસાદની આગાહી કરતા આવ્યા છે. ઉત્તર ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર સુધીના ખેડૂતો તેમની વાણી પર મોટો ભરોસો રાખે છે. આ વર્ષે પણ અંબાલાલ પટેલે ચોક્કસ તારીખો સાથે ધમાકેદાર વરસાદ અને વાવાઝોડાની આગાહીઓ કરી છે. પરંતુ આ વખતે વિજ્ઞાન અને તર્ક સાથે મેદાને આવ્યા છે જયંત પંડ્યા. જયંત પંડ્યાનું કહેવું છે કે આવી પરંપરાગત આગાહીઓ પાછળ કોઈ વૈજ્ઞાનિક આધાર હોતો નથી. માત્ર હવામાન વિભાગ (IMD) ની સેટેલાઈટ સિસ્ટમ અને વૈજ્ઞાનિક ડેટા જ સાચો હોઈ શકે. તેમણે અંબાલાલની આગાહીઓ સામે સવાલો ઉઠાવતા કહ્યું છે કે આવી અટકળોથી ખેડૂતો અને જનતામાં વિના કારણે ભય અથવા ખોટી આશા ઊભી થાય છે. અંબાલાલ પટેલનો પક્ષ: 'હું પ્રકૃતિના



નિયમો, વાયુના વહેણ અને નક્ષત્રોના આધારે ગણતરી કરું છું. મારી આગાહીઓ વર્ષોથી ખેડૂતોને મદદરૂપ સાબિત થઈ છે અને કુદરતના સંકેતો ક્યારેય ખોટા નથી હોતા.'

જયંત પંડ્યાનો પ્રહાર: 'વિજ્ઞાનના આ યુગમાં માત્ર સેટેલાઈટ અને મોડર્ન ટેકનોલોજી જ સાચો અંદાજ આપી શકે. વાદળો જોઈને કે ગ્રહો ગણીને અપાતી આગાહીઓ વૈજ્ઞાનિક રીતે સાબિત થતી નથી. જનતાએ માત્ર સત્તાવાર હવામાન વિભાગની વાતો પર જ ભરોસો રાખવો જોઈએ.'

આ બંને દિગ્ગજો સામસામે આવી જતાં ગુજરાતના સોશિયલ મીડિયા ગ્રુપોમાં પણ ચર્ચાઓની ઝડી વર્ષી રહી છે.

## સખી સેન્ટરની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

# હિરોઈન બનવાની આંધળી દોટમાં સગીરાએ ઘર છોડ્યું : ₹500 લઈ સપનું પૂરું કરવા જતાં ટ્રેનમાં બેસી ભરૂચ આવી

### સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર દ્વારા સગીરાનું કાઉન્સેલિંગ કરવામાં આવતા તેણે સમગ્ર હકીકત જણાવી હતી

ભરૂચ, રંગુની જાકીર

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ અને સોશિયલ મીડિયાના વધતા પ્રભાવથી કિશોરવયના બાળકો અનેકવાર કાલ્પનિક દુનિયામાં ખોવાઈ જતા હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના ભરૂચમાં સામે આવી છે, જેમાં બિહારના પટનાની 13 વર્ષની સગીરા ફિલ્મી દુનિયામાં હિરોઈન બનવાના સપના જોઈ ઘરેથી 500 લઈ નીકળી પડી હતી અને ટ્રેન મારફતે ભરૂચ રેલવે સ્ટેશન સુધી પહોંચી ગઈ હતી.જોકે, સખી વન સ્ટોપ સેન્ટરે પરિવારનો સંપર્ક કરીને સગીરાનું મિલન કરાવ્યું હતું.

સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલિકા વૈશાલી ચાવડાએ જણાવ્યું હતું કે, આ ઘટના માતા-પિતા અને સમાજ માટે લાલબત્તી સમાન છે.

સોશિયલ મીડિયા પર દેખાતી ચમકધમક અને અવાસ્તવિક સપનાઓથી પ્રભાવિત થઈ કિશોરવયના બાળકો ઘણીવાર આવા ઉતાવળિયા નિર્ણયો લઈ બેસે છે. નિષ્ણાતોના મતે, બાળકો સાથે સતત સંવાદ રાખવો, મોબાઈલ અને સોશિયલ મીડિયાના ઉપયોગ પર યોગ્ય



દેખરેખ રાખવી તેમજ તેમને સમયસર માર્ગદર્શન આપવું આજના સમયમાં અત્યંત જરૂરી બની ગયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પટનામાં રહેતી સગીરા મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતી હતી. સોશિયલ મીડિયા પર દેખાતી ચમકધમક અને ફિલ્મી દુનિયાથી પ્રેરાઈને તેના મનમાં હિરોઈન બનવાની ઈચ્છા જાગી હતી.

મોબાઈલના વધુ પડતા ઉપયોગ અંગે માતા દ્વારા વારંવાર સમજાવવામાં આવતા અને ઠપકો આપવામાં આવતા સગીરાએ ઘરેથી માત્ર 500 રૂપિયા લઈને કોઈને જાણ કર્યા વિના નીકળી જવાનો નિર્ણય કર્યો હતો.

ટ્રેનમાં મુસાફરી દરમિયાન યોગ્ય માહિતી અને સમજણના અભાવે તે ક્યાં જઈ રહી છે તેની તેને સ્પષ્ટતા ન હતી, જેથી તે ભરૂચ રેલવે સ્ટેશન પહોંચી ગઈ હતી. રેલવે પોલીસને સગીરાની હિલચાલ શંકાસ્પદ જણાતા તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તે ઘરેથી ભાગીને આવી હોવાનો ખુલાસો થતાં પોલીસે તેને ભરૂચના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય માટે મોકલી આપી હતી.

સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર દ્વારા સગીરાનું કાઉન્સેલિંગ કરવામાં આવતા તેણે સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારબાદ સગીરા પાસેથી તેના પિતાનો મોબાઈલ નંબર મેળવી પરિવારનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ પટના પોલીસને પણ કરવામાં આવી હતી, જેના આધારે પટના પોલીસ અને સગીરાના કાકા ભરૂચ આવી પહોંચ્યા હતા. રેલવે પોલીસ અને સેન્ટર દ્વારા જરૂરી કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી સગીરાને તેના પરિવારને સોંપવામાં આવી હતી.



'ધ કરેળ સ્ટોરી' બાદ એની આ બીજી મોટા બજેટની ફિલ્મ છે

# હવે મરાઠી ફિલ્મમાં ડેબ્યૂ કરશે અદા શર્મા, ફર્સ્ટ લૂક જાહેર થતા ફેન્સની ઉત્સુકતા વધી ગઇ

મુંબઈ

બ્યૂટી વીથ બ્રેઈન ગણાતી અને ફીટનેસ આઈકોન સમાન એક્ટ્રેસ અદા શર્મા શ્રેયસ જાધવની મરાઠી ફિલ્મમાં જોવા મળશે. આ નવી ફિલ્મથી તે મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. આ ફિલ્મનો ફર્સ્ટ લૂક પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ ફિલ્મનું નામ 'ગજરા'છે અને ફર્સ્ટ લૂકમાં એનો લોહીવાળો ચહેરો જોઈ શકાય છે. 'ધ કરેળ સ્ટોરી' બાદ એની આ બીજી મોટા બજેટની ફિલ્મ છે. 'બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી'માં પણ તેણે દમદાર અભિનય કર્યો હતો.એ વાત તો નક્કી છે કે, નવી મરાઠી ફિલ્મમાં તેનો એક અલગ અવતાર જોવા મળવાનો છે. તાજેતરમાં મેકર્સે જ સોશિયલ મીડિયા પર 'ગજરા'ફિલ્મનું પોસ્ટર શૅર કરીને એલાન કરી દીધું છે.આ ફિલ્મમાં અદાનો એક નવો અવતાર જોવા મળશે. પોસ્ટરમાં સરળતાથી જોઈ શકાય છે કે, અદા એક મરાઠી લૂકમાં દેખાઈ રહી છે. આકર્ષક મરાઠી લુકમાં માથા પર ગજરો પણ લગાવેલો છે. લોકો હવે અદાનો નવો અવતાર જોવા માટે આતુર છે. ટૂંક જ સમયમાં આ ફિલ્મનું ટિઝર અને ટ્રેલર સામે આવશે. અદાના ચાહકો નવા લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા શું છે એ અંગે હજું મોટું સસ્પેન્સ ખુલવાનું બાકી છે. ફિલ્મના નિર્માતા શ્રેયસ જાધવે પ્રોજેક્ટ વિશે વાત કરતા ખુશી વ્યક્ત કરી છે. આ ફિલ્મને લઈને તેઓ ખૂબ જ એક્ઝાઈટેડ છે. એક ખૂબ જ પ્રતિભાશાળી અભિનેત્રીનું નામ લેવામાં આવે તો એમાંથી એકઅદા શર્મા છે. તે આ પાત્ર મરાઠી પાત્ર માટે બિલકુલ યોગ્ય છે.ખૂબ જ અનોખી આ ફિલ્મની વાર્તા છે. તે મહારાષ્ટ્રની સંસ્કૃતિ અને લાગણીઓ સાથે જોડાયેલી છે.ફિલ્મ ટિઝર સામે આવ્યા બાદ ફિલ્મમાં શું છે એનો અંદાજો લગાવી શકાશે. ક્યારે રિલીઝ થશે ફિલ્મ રિપોર્ટમાંથી જાણવા મળેલી વિગત અનુસાર, અદા શર્માની આ ડેબ્યૂ મરાઠી ફિલ્મનું શૂટિંગ મહારાષ્ટ્રમાં જ અલગ અલગ જગ્યાઓ પર કરવામાં આવશે. હાલમાં ફિલ્મની સ્ક્રિપ્ટ અને ડાયલોગ નક્કી થઈ ચૂક્યા છે. પાત્રો પણ તૈયાર થઈ ચૂક્યા છે. ટૂંક સમયમાં આખું યુનિટ આ અંગે કામ શરૂ કરશે. સમગ્ર પ્રોજેક્ટ ઓન ફ્લોર થતા થોડો સમય લાગશે. એ પછી યુનિટ મહારાષ્ટ્રના કોઈ સ્થળે શુટિંગ શરૂ કરશે. આ ફિલ્મને આ જ વર્ષે રિલીઝ કરી દેવામાં આવે એવી ગણતરી હાલ મેકર્સ કરી રહ્યા છે. પણ શુટિંગ શેડ્યુલમાં વિલંબ થયો તો ફિલ્મ આવતા વર્ષે સિનેમાઘરમાં આવી શકે છે.અદાના નવા અવતારને જોવાની મજા તો પડશે પણ મરાઠી ડાયલોગ્સ માટે એની મહેનત કેવી છે એ સ્ક્રિન પર આવ્યા બાદ ખ્યાલ આવશે.

**'બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી'માં પણ તેણે દમદાર અભિનય કર્યો હતો.**


# પરિવાર સામે લડીને તૃપ્તિએ પોતાનું સ્વપ્ન પૂરૂ કર્યું

## તૃપ્તિ ડિમરીને ફિલ્મ લાઈનમાં આવ્યે 10 વર્ષ પૂરા થઈ ગયા છે, એક દાયકાની સફરમાં અનેક એવા ઊતારચડાવ આવ્યા હતા

મુંબઈ

બોલિવૂડમાં કરિયર બનાવવા માટે દરરોજ અનેક યુવક-યુવતીઓ આવે છે, જે યુવા સફળ થાય છે એ ઘણીવાર પોતાના સ્ટ્રગલ ટાઈમને યાદ કરીને જુની યાદ વાગોળે છે. તૃપ્તિ ડિમરીને ફિલ્મ લાઈનમાં આવ્યે 10 વર્ષ પૂરા થઈ ગયા છે. એક દાયકાની આ સફરમાં અનેક એવા ઊતારચડાવ આવ્યા હતા. એક દાયકા બાદ તેણે સ્પષ્ટ કર્યું કે, મુંબઈ જવાનો નિર્ણય એના પરિવારને ગમ્યો ન હતો. એનિમલ જેવી ફિલ્મથી આઈકોનિક કેરેટર બની ચૂકેલી તૃપ્તિએ ઘણી વિકટ પરિસ્થિતિનો સામનો કર્યો છે. એક્ટ્રેસ કહે છે કે, એ સ્ટ્રગલ ટાઈમ હતો, જ્યારે હું મુંબઈ આવી હતી. વિકટ સ્થિતિમાં કોઈનો સાચો સહારો મળવો એ ખરેખર આનંદની વાત છે. બધાને એવું મળતું નથી.

સોશિયલ મીડિયા પર સમયાંતરે અનેક સેલેબ્સ ટ્રોલ થયા છે અને ટ્રોલ થતા રહે છે. આ વિષય પર એક્ટ્રેસે કહ્યું હતું કે, અભિનય ક્ષેત્રમાં આવી એને એસ દાયકો પૂરો થઈ ગયો છે. દસ વર્ષની આ સફરમાં અનેક પ્લસ-માઈનસ થયા છે. હવે આ મુદ્દા પર ખાસ કરીને કોઈ બોલવા માગતું નથી. વાત કરતું પણ નથી. આજે હું જે પણ જગ્યાએ છું ત્યાં સુધી પહોંચવામાં ખૂબ જ મહેનત પડી છે. આ મહેનતથી હું ખુશ છું. ક્યારેક લોકો નકારાત્મક બાબતોને પકડી રાખે છે પછી એને વારંવાર રીપિટ કરતા રહે છે. તાજેતરમાં તૃપ્તિની નવી ફિલ્મ 'મા બહેન' નેટફ્લિક્સ પર સ્ટ્રિમ થઈ હતી. આ ફિલ્મમાં તેણે માધુરી સાથે સ્ક્રિન શૅર કરી છે. મારા જીવનમાં ઘણી એવી ક્ષણ રહી હતી કે, એવા સમયે મને કોઈનો સપોર્ટ ન હતો. એવા સમયે મારી બહેન હંમેશા મારી પડખે ઊભી રહી હતી. એ સમયે એ પણ પોતાના જીવનની કોઈ અલગ લડાઈ લડી રહી હતી. એ મને દરોજ ફોન કરતી અને એવું પૂછતી હતી કે, જમી કે નહીં? આ પ્રકારની કેરિંગ મળવી એ પણ ખુશીની વાત છે. માત્ર મારા પૂરતી જ વાત નથી, ફિલ્મી કેરયિરમાં જ્યારે ઓડિશન હોય એવા સમયે પણ તે પૂછતી કે કેવું રહ્યું ઓડિશન?જ્યારે મને પૈસાની જરૂર પડતી એ સમયે પણ તેણે મને ઘણી મદદ કરી છે.



# 'બટવારા 1947'નું ટીઝર રિલીઝ,દેશના ભાગલાનું દર્દ આંખ ભીની કરી દેશે

## એક લાંબા સમય બાદ આ ફિલ્મ થકી સુપરહિટ જોડી જોવા મળશે. સની પાજ્જી અને પ્રીતિ ઝિન્ટાની જોડી સ્કિન પર દેખાશે

મુંબઈ

'બટવારા 1947'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે.જેમાં રમખાણો,પલાયન અને વિખૂટા પડતા પરિવારોની એક અલગ કહાની જોવા મળવાની છે. ખાસ કરીને પંજાબ અને તેની આસપાસના વિસ્તારના પરિવારની વિશેષ વાત આ ફિલ્મ થકી જોવા જાણવા મળશે. એક લાંબા સમય બાદ આ ફિલ્મ થકી સુપરહિટ જોડી જોવા મળશે. સની પાજ્જી અને પ્રીતિ ઝિન્ટાની જોડી સ્કિન પર દેખાશે. સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટાની ફિલ્મમાં દેખાયું ભાગલાનું દર્દ જોવા મળ્યું છે. ભારત-પાકિસ્તાનના ભાગલા આ ફિલ્મમાં એ સમયની હૃદયસ્પર્શી વાર્તાથી શરૂ થાય છે.ફિલ્મ 14 ઓગસ્ટ 2026 ના રોજ રિલીઝ થવાની છે. આ ફિલ્મના ટિઝરમાંથી જાણી શકાય છે કે ફિલ્મની વાર્તા કેટલી દેશવાસીઓને સ્પર્શી જાય છે. આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ પૈકીની એક 'બટવારા 1947' છે. મેકર્સે હાલમાં જ તેના શાનદાર મોશન પોસ્ટર-પાત્રોના લૂકને લઈને કેટલીક જાહેરાત કરી દીધી છે. ટિઝરમાં સની દેઓલનો એક અલગ અંદાજ જોવા મળે છે. આ ફિલ્મમાં ભારત અને પાકિસ્તાન એમ બે દેશો અલગ થવાની દર્દનાક વાર્તાની સાથે એ સમયે કેટલીક એવી ઘટના બની હતી જેને દેશવાસીઓને રડાવી દીધા હતા એની વાત છે. તે સમયની પરિસ્થિતિઓને સિનેસ્કિન પર લાવવા માટે જોરદાર મહેનત કરવામાં આવી છે.ટિઝર દર્શકોને એ દાયકામાં લઈ જાય છે જ્યારે ભાગલા પડ્યા હતા. ખાસ કરીને પંજાબની જે સ્થિતિ એના પર ફિલ્મનું ફોક્સ વધારે હોય એવું લાગે છે. રસપ્રદ ઈતિહાસની એ ક્ષણો જેને બે દેશના કરોડો લોકોની જિંદગી હંમેશા માટે બદલી નાખી. દમદાર સંવાદો અને હૃદયને સ્પર્શી જાય તેવા બેકગ્રાઉન્ડ મ્યુઝિકથી ટિઝર અલગ ફીલ આપી જાય છે. કપરા સમયમાં પણ આ ટીઝર એક આશા અને હિંમતની વાત કરે છે.કેન્દ્રમાં એક એવો હીરો છે જે વાર્તાના ડરથી ઉપર ઉઠીને અસાધારણ બહાદુરીનું ઉદાહરણ બની જાય છે. ભાગલા સમયના વિઝ્યુઅલ્સ સાથે જે વાત શરૂ થાય છે એમાંથી આખરે કિસ્સા કયા છે એ સ્પષ્ટ થતું નથી. 'હિન્દુસ્તાન જેને મોટા સંઘર્ષ અને કુરબાનીઓ આપ્યા બાદ 200 વર્ષની ગુલામીમાંથી આઝાદી તો મળી, પરંતુ અફસોસ દેશના ભાગલા પડી ગયા. મઝહબના નામે માનવતાની હત્યા થઈ હતી.' ભાગલાનું દર્દ સ્કિન પર લોકોની પીડા દર્શાવવામાં આવી છે.






# કરીના કપૂરની 'દાયરા' અને પ્રીતિ ઝિંટાની 'વાઈબ' વચ્ચે થશે બોક્સ ઓફિસ ટક્કર

## હાલમાં જ કરીના કપૂર ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાની આવનારી ફિલ્મ 'દાયરા'ના શૂટિંગની એક ઝલક નેટિઝન્સને બતાવી હતી

મુંબઈ

આ વર્ષની શરૂઆતથી જ ફિલ્મજગતમાં ધમાકેદાર ફિલ્મોની સાથે જાણીતા કલાકારોની પરસ્પર હરીફાઈ જોવા મળી રહી છે, જેના પરિણામે કેટલીક ફિલ્મોને નુકશાન તો કેટલીકને ફાયદો થતો જોવા મળ્યો છે. જૂન મહિનામાં એક જ દિવસમાં નવ ફિલ્મ રિલીઝ થઈ હતી. છતાં આ ફિલ્મોમાંથી એક પણ ફિલ્મ બોક્સઓફિસ પર નોંધપાત્ર વળતર મેળવી શકી નથી. હવે આ લિસ્ટમાં કરીના કપૂર ખાનની એક ફિલ્મ પણ સામેલ થવા જઈ રહી છે તાજેતરમાં જ કરીનાની આગામી ફિલ્મ 'દાયરા'ની રિલીઝ ડેટ સામે આવી છે. આ ફિલ્મ 18 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં જોવા મળશે. આ ફિલ્મમાં 'બેબો' પોલીસના અભિનયમાં જોવા મળશે. આ જ દિવસે 'ડિમ્પલ ગર્લ' પ્રીતિ ઝિંટા અને કુણાલ ખેમુની ફિલ્મ 'વાઈબ' પણ બેબોને ટક્કર આપશે. કરીનાની સાથે આગામી ફિલ્મ 'દાયરા'માં પૃથ્વીરાજ સુકુમારન પણ જોવા મળશે. આ ફિલ્મની દિગ્દર્શક મેઘના ગુલઝાર છે. ઘણા લાંબા સમય બાદ બેબો મોટા પડદે જોવા મળશે. કરીના છેલ્લે 'સિંઘમ અગેન' ફિલ્મમાં જોવા મળી હતી. આગામી ફિલ્મ દ્વારા કરીના, કુણાલ ખેમુની ફિલ્મ 'વાઈબ'ને ટક્કર આપશે. કુણાલ ખેમુ સૈફ અલી ખાનની બહેન સોહાનો પતિ છે. એટલે હવે આ બન્ને ફિલ્મો દ્વારા પરિવાર વચ્ચે ખરાખરીનો ખેલ જોવા મળશે. કરીનાએ બતાવી ફિલ્મની પહેલી ઝલક હાલમાં જ કરીના કપૂર ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાની આવનારી ફિલ્મ 'દાયરા'ના શૂટિંગની એક ઝલક નેટિઝન્સને બતાવી હતી. જે એકદમ રો અને અનોખી છે. આ ફિલ્મમાં મેઘના ગુલઝારની જબરદસ્ત સિનેમેટિક દુનિયા જોઈ શકાશે, જે જોવા માટે આખી ફિલ્મ જોવી પડશે. કરીનાએ કેપ્શનમાં લખ્યું હતું કે આ યાદગાર રહેશે. 'દાયરા'ના બિહાઈન્ડ ધ સીન્સની એક ઝલક. 'દાયરા' 18 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં આવી રહી છે. પ્રીતિ ઝિંટાની 'વાઈબ' કયારે રિલીઝ થશે

બોલીવુડની ડિમ્પલ ગર્લ ઘણા લાંબા સમય બાદ આગમન કરી રહી છે. ઓગસ્ટ મહિનામાં તે ફિલ્મ 'બટવારા 1947'માં જોવા મળશે.

# "નસીર સર એક્ટિંગ કરતા અને હું રડી પડતી!" અંજના સુખાનીનો ભાવુક ખુલાસો

મુંબઈ

ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' હવે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે અને અપેક્ષા મુજબ એક અસરકારક સિનેમેટિક અનુભવ આપી રહી છે. ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારી અંજના સુખાનીએ તાજેતરમાં દિગ્ગજ અભિનેતા નસીરુદ્દીન શાહ અને પ્રતિભાશાળી અભિનેતા દિલજીત દોસાંઝ સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. તેમણે ફિલ્મના શૂટિંગ દરમિયાનની કેટલીક યાદગાર ક્ષણો પણ જણાવી. નસીરુદ્દીન શાહને સેટ પર લાઈવ પરફોર્મ કરતાં જોવું અંજના માટે ખૂબ જ ભાવુક અનુભવ હતો. તેઓ કહે છે, "હું ઈમ્તિયાઝ અલીને વારંવાર કહેતી હતી કે જ્યારે પણ નસીર સર પરફોર્મ કરતા, ત્યારે મારી આંખોમાં આંસુ આવી જતા. તેમની એક્ટિંગ જોઈને ઘરે પાછા જવું પણ મુશ્કેલ લાગતું. ફિલ્મમાં જ્યારે આ બધું એકસાથે સ્ક્રીન પર આવે છે, ત્યારે તે દિલને સ્પર્શી જાય છે. આજે દરેક જણ કહી રહ્યો છે કે આ એક 'માસ્ટરક્લાસ' છે, પરંતુ અમારા માટે તો સેટ પર તેમને લાઈવ પરફોર્મ કરતાં જોવું જ એક માસ્ટરક્લાસ હતું. ખાસ કરીને તેમની આંખો દ્વારા તેઓ જે લાગણીઓ વ્યક્ત કરતા, તે જોઈને હું દર વખતે ભાવુક થઈ જતી."

દિલજીત દોસાંઝ વિશે વાત કરતાં અંજના કહે છે, "દિલજીત ખૂબ જ સરળ સ્વભાવના, નિષ્ઠાવાન અને ઈમાનદાર અભિનેતા છે. જ્યારે તેઓ પરફોર્મ કરે છે, ત્યારે તેમની આંખોમાં તેમની નિષ્ઠા સ્પષ્ટ દેખાય છે. તેઓ હંમેશા સંપૂર્ણ તૈયારી સાથે સેટ પર આવતા. તેમને માત્ર પોતાના જ નહીં, પરંતુ બીજા કલાકારોના સંવાદો પણ યાદ રહેતા. એક વખત હું મારા સંવાદ દરમિયાન અટકી ગઈ હતી, ત્યારે તેમણે તરત જ હળવાશથી કહ્યું, 'આપકી લાઈન હૈ.' આ બતાવે છે કે તેઓ કેટલી સારી તૈયારી કરીને આવતા હતા."

બિરલા સ્ટુડિયોઝ, એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ અને વિન્ડો સીટ ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'મૈં વાપસ આઉંગા' પ્રેમ, ઓળખ અને પોતાના અસ્તિત્વની શોધ જેવા વિષયોનું વિભાજનની પૃષ્ઠભૂમિ પર ભાવનાત્મક ચિત્રણ કરે છે. ફિલ્મ હાલમાં સિનેમાઘરોમાં ચાલી રહી છે અને દર્શકોના દિલને સ્પર્શવામાં સફળ રહી છે.



પાક્કો ગુજરાત
શનિવાર | 20 જૂન 2026 | અમદાવાદ

### ભારતીય ટીમને કોચની નહીં, એમએસ ધોની જેવા મેન્ટરની જરૂર છે

# 'ગૌતમ ગંભીરને હટાવો' ટીમ ઈન્ડિયાના હેડ કોચ પર ભડક્યો શ્રીસંત

લખનઉ

'ટીમ ઈન્ડિયામાં ગૌતમ ગંભીરનું કોઈ કામ નથી, તેને પદ પરથી હટાવો...' આ સણસણતો આક્ષેપ પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર એસ શ્રીસંતે કર્યો છે. શ્રીસંતે તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં અનેક મુદ્દાઓ પર બેબાક મંતવ્યો રજૂ કરતી વખતે આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. શ્રીસંતના આ આકરા પ્રહારથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે તેની અને ગંભીર વચ્ચેની જૂની કડવાશ હજુ પણ યથાવત છે. પૂર્વ પેસરનું માનવું છે કે ભારતની સિનિયર ક્રિકેટ ટીમમાં ગંભીર જેવા હેડ કોચની કોઈ જરૂર નથી. ગંભીર પર નિશાન સાધતા શ્રીસંતે કહ્યું કે, 'વર્તમાન ટીમ ઈન્ડિયામાં ગંભીરનું શું કામ છે? ટીમને અત્યારે કોઈ કડક કોચની નહીં, પરંતુ એક સારા મેન્ટરની જરૂર છે. ગંભીરના સ્થાને ટીમ ઈન્ડિયામાં મહેન્દ્ર સિંહ ધોની જેવા દિગ્ગજ ખેલાડીને મેન્ટર તરીકે લાવવો જોઈએ. ગંભીરને તાત્કાલિક અસરથી હટાવીને ધોનીને આ જવાબદારી સોંપવી જોઈએ, કારણ કે ગંભીર ખેલાડીઓ પર બિનજરૂરી દબાણ ઉભું કરે છે.' રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થયા બાદ ગૌતમ ગંભીરને ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગંભીરની કોચિંગ હેઠળ ભારતીય ટીમે ઘણી સફળતાઓ હાંસલ કરી છે, જેમાં આ જ વર્ષે યોજાયેલો આઈસીસી T20 વર્લ્ડ કપ જીતવાનો પણ સમાવેશ થાય છે. જોકે, ટીમની આ ઐતિહાસિક સફળતા પર સવાલ ઉઠાવતા શ્રીસંતે કહ્યું કે, 'લોકો એવું કહી રહ્યા છે કે ગૌતમ ગંભીરે ટીમ ઈન્ડિયાને આ વર્ષે T20 વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનાવી છે, પરંતુ હું પૂછું છું કે તેમણે એવું તે શું કર્યું છે? જો ટીમમાં સંજુ સેમસન ન હોત, સૂર્યકુમાર



યાદવની શાનદાર કેપ્ટનશીપ ન હોત અને તિલક વર્માની મહત્ત્વની ઈનિંગ્સ ન હોત, તો શું ભારત ચેમ્પિયન બની શક્યું હોત? ગંભીરને T20 વર્લ્ડ કપ જીતવાનો શ્રેય બિલકુલ ન આપવો જોઈએ.'

ગૌતમ ગંભીર અને શ્રીસંત વચ્ચેનો જૂનો વિવાદ શું છે? એક સમય એવો હતો જ્યારે ગૌતમ ગંભીર અને શ્રીસંત ભારતીય ટીમ વતી એકસાથે મેદાન પર રમતા હતા. જોકે આઈપીએલ 2013 દરમિયાન શ્રીસંતનું નામ કુખ્યાત સ્પોટ ફિક્સિંગ કેસમાં સામે આવ્યું હતું. આ ઘટના બાદ ગંભીરે જાહેર મંચ પરથી અનેકવાર શ્રીસંતની આકરી આલોચના કરી હતી. જોકે, લાંબી કાનૂની લડાઈ લડ્યા બાદ શ્રીસંત પરથી સ્પોટ ફિક્સિંગના તમામ આરોપો હટાવી દેવામાં આવ્યા હતા, પરંતુ આ વિવાદના કારણે તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયર હંમેશા માટે ખતમ થઈ ગઈ હતી. હાલમાં શ્રીસંત નિવૃત્ત ખેલાડીઓની વિવિધ લીગ મેચોમાં રમતો જોવા મળે છે. એસ શ્રીસંતે ભારતીય ટીમ માટે ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેના કરિયરના આંકડા નીચે મુજબ છે: ટેસ્ટ ક્રિકેટ: શ્રીસંત ભારત માટે 27 ટેસ્ટ મેચ રમ્યો હતો, જેમાં તેણે 87 વિકેટ ઝડપી હતી. વનડે ક્રિકેટ: તેણે 53 વનડે મેચોમાં દેશનું પ્રતિનિધિત્વ કરીને 75 વિકેટ પોતાના નામે કરી હતી.

## મેચના એક દિવસ પહેલા હર્ષિત રાણા ભારતીય ટીમમાં સામેલ

મુંબઈ

ઝડપી બોલર હર્ષિત રાણાને અફઘાનિસ્તાન સામેની ત્રીજી વન-ડે માટે ટીમ ઈન્ડિયામાં સામેલ કર્યો છે. BCCIએ શુક્રવારે જણાવ્યું કે રાણાએ સેન્ટર ઑફ એક્સેલન્સમાં રિહેબિલિટેશન પૂરું કરી લીધું છે. તે ચેન્નઈમાં ભારતીય ટીમ સાથે જોડાઈ ગયો છે. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં 20 જૂને સિરીઝની ત્રીજી અને છેલ્લી વન-ડે મેચ રમાશે. હર્ષિત આ મેચ રમી શકે છે.

હાલમાં, ભારતીય ટીમ 3 મેચની સિરીઝમાં 2-0થી આગળ છે. ટીમે પહેલી મેચમાં 7 વિકેટે અને બીજી મેચમાં 170 રનથી જીત મેળવી હતી.

હર્ષિત રાણા છેલ્લા કેટલાક સમયથી BCCIના ડોક્ટરો અને ફિઝિયોથેરાપિસ્ટની દેખરેખ હેઠળ સેન્ટર ઑફ એક્સેલન્સમાં ફિટનેસ પર કામ કરી રહ્યા હતા. તેને ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા બાદ ટીમમાં સામેલ કર્યો છે. હર્ષિતના ટીમમાં જોડાવાથી ભારતના પેસ એટેકને મજબૂતી મળશે. જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ આ સિરીઝમાં રમી રહ્યા નથી.

અત્યાર સુધી ઝડપી બોલિંગની જવાબદારી અર્શદીપ સિંહ અને પ્રસિદ્ધ ક્રિષ્ના પાસે છે. હવે કેપ્ટન શુભમન ગિલ પાસે ચેન્નઈની પરિસ્થિતિઓ અનુસાર ત્રણ પેસર્સનો વિકલ્પ હશે. હર્ષિત રાણા Tx20 વર્લ્ડ કપ પહેલા સાઉથ આફ્રિકા સામેની પ્રેક્ટિસ મેચમાં ઈજાગ્રસ્ત થયો હતો.

ઈજા ગંભીર હોવાને કારણે તેની સર્જરી કરાવવી પડી. આ જ કારણે તે T20 વર્લ્ડ કપ અને IPL રમી શક્યો નહોતો. શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, શ્રેયસ અય્યર (વાઈસ-કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, પ્રિન્સ યાદવ, ગુરનૂર બરાર, હર્ષ દુબે અને હર્ષિત રાણા.

### પોલ કોલિંગવુડનો 9 વર્ષ જૂનો રેકોર્ડ ધ્વસ્ત

## 41 વર્ષના ફેફ ડુ પ્લેસિસનું તોફાન: મેજર લીગ ક્રિકેટમાં ફટકારી અણનમ સદી

મુંબઈ

દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન ફેફ ડુ પ્લેસિસ T20 ક્રિકેટમાં સદી ફટકારનાર વિશ્વનો સૌથી વધુ ઉંમરનો ખેલાડી બની ગયો છે. તેણે મેજર લીગ ક્રિકેટ 2026ની પ્રથમ જ મેચમાં ટેક્સાસ સુપર કિંગ્સ તરફથી રમતા સિયાટલ ઓર્કાસ સામે આ શાનદાર સિદ્ધિ મેળવી છે. હાલમાં ફેફ ડુ પ્લેસિસની ઉંમર 41 વર્ષ છે અને તેની આ વિસ્ફોટક ઈનિંગ્સના જોરે ટેક્સાસ સુપર કિંગ્સે એક અદ્ભુત અને યાદગાર જીત મેળવી છે. સિયાટલ ઓર્કાસે આપ્યો હતો 221 રનનો વિશાળ ટાર્ગેટ મેજર લીગ ક્રિકેટ 2026ની શરૂઆત ટેક્સાસ સુપર કિંગ્સ વિરુદ્ધ સિયાટલ ઓર્કાસ (TSK vs SOR) મેચ સાથે થઈ હતી, જે ભારે રોમાંચક રહી હતી. સિયાટલ



ઓર્કાસે પ્રથમ બેટિંગ કરતા માત્ર 2 વિકેટ ગુમાવીને 220 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. ટીમ માટે ટિમ સીફર્ટે શાનદાર બેટિંગનું પ્રદર્શન કરીને 104 રનની શતકીય ઈનિંગ્સ રમી હતી. જોકે, તેની આ મહેનત પર ટેક્સાસના કેપ્ટન ફેફ ડુ પ્લેસિસે એકલા હાથે પાણી ફેરવી દીધું હતું. 221 રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટેક્સાસની ટીમ વતી ઓપનિંગ કરતા ડુ પ્લેસિસે મેદાનની ચારેય તરફ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે માત્ર 45 બોલમાં પોતાની સદી પૂર્ણ કરી હતી અને 52 બોલમાં 113 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. 41 વર્ષ અને 340 દિવસની ઉંમરે આ ઈનિંગ રમીને તેણે ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર પોલ કોલિંગવુડનો 9 વર્ષ જૂનો રેકોર્ડ ધ્વસ્ત કર્યો છે. કોલિંગવુડે 41 વર્ષ અને 65 દિવસની ઉંમરે T20 સદી ફટકારી હતી.

## ઇંગ્લેન્ડ ટીમનાં ફૂટબોલ વર્લ્ડકપ બેઝ નજીક ફાયરિંગ

### એકનું મોત, 4 ઘાયલ, હુમલાખોર ફરાર; 4 દિવસ પહેલા ગાડીમાંથી સામાન ચોરાયો હતો

લંડન

ફૂટબોલ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ ટીમનાં બેઝથી 15 મિનિટનાં અંતરે ફાયરિંગથી એકનું મોત અને 4 લોકો ઘાયલ થયા છે. અમેરિકાનાં કેન્સસ સિટીમાં 22 વર્ષીય ઓસ્કર સાંચેઝ-મુનોઝને ઘટનાનો દોષી ઠેરવ્યો છે. જોકે, અડધા કલાકની અંદર ચાર ફાયરિંગ કર્યા બાદ આરોપી ફરાર છે.

પોલીસનાં જણાવ્યા મુજબ, મંગળવારે રાત્રે ચાર અલગ-અલગ ગોળીબાર કર્યા હતા. આ ઘટનાઓમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા. આરોપી વિરુદ્ધ એક લાખ ડોલરનું વોરંટ પણ જારી કર્યું છે. આ પહેલા 6 જૂને પણ ઈંગ્લેન્ડનાં બેઝ કેમ્પથી 6 માઈલ દૂર ફાયરિંગ થયું હતું. ગોળીબારની એક ઘટના પ્રોસ્પેક્ટ એવન્યુ વિસ્તારમાં બની હતી, જે ઇંગ્લેન્ડ ટીમના ટ્રેનિંગ બેઝ




સ્વોપ સોકર વિલેજથી લગભગ 15 મિનિટના અંતરે છે. ઈંગ્લેન્ડની ટીમ કોચ થોમસ ટુખેલની આગેવાની હેઠળ અહીં જ અભ્યાસ કરી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર, ટીમને તેની હોટેલથી ટ્રેનિંગ ગ્રાઉન્ડ સુધી ભારે પોલીસ સુરક્ષા વચ્ચે લઈ જવામાં આવી રહી છે. ક્રોએશિયા પર 4-2ની જીત બાદ ઈંગ્લેન્ડ ટીમ કેન્સાસ સિટી પરત ફરી છે. રિઝર્વ ખેલાડીઓનો એક બંધ દરવાજા પાછળ પ્રેક્ટિસ મેચ પણ નિર્ધારિત છે. પોલીસને માહિતી મળી હતી કે ઓસ્કાર સાંચેઝ-મુનોઝ ઈન્ડિપેન્ડન્સ વિસ્તારના એક ઘરમાં છુપાયેલો છે. આ પછી ઘણા કલાકો સુધી ઘરને ઘેરી લેવામાં આવ્યું. કાર્યવાહી દરમિયાન મકાનમાં આગ લાગી ગઈ. આગ ઓલવાયા પછી પોલીસે ઘરની તપાસ કરી, પરંતુ આરોપી ત્યાં મળ્યો નહીં. જોકે તેની કાર ઘટનાસ્થળેથી મળી આવી છે. આ પછી સમગ્ર વિસ્તારમાં શોધ અભિયાન વધુ તેજ કરવામાં આવ્યું. પોલીસ બોલી-ધરપકડની નજીક છીએ કેન્સાસ સિટી પોલીસ પ્રમુખ સ્ટેસી ગ્રેવ્સે કહ્યું, જો કોઈ આ વ્યક્તિને જુએ તો તરત 911 પર કોલ કરે. અમે આરોપીની ખૂબ નજીક છીએ અને તેને જલદીથી જલદી ધરપકડ કરી લઈશું. આર્જેન્ટિના મેચ જોવા જઈ રહેલા ફેન્સને લઈ જઈ રહેલો ઉબેર ડ્રાઈવર પણ ઘાયલ રિપોર્ટ્સ અનુસાર, ગોળીબારની ઘટનાઓમાં એક ઉબેર ડ્રાઈવર પણ ઘાયલ થયો, જે આર્જેન્ટિનાની મેચ માટે જઈ રહેલા પ્રશંસકોને લઈને જઈ રહ્યો હતો. આનાથી વર્લ્ડ કપ દરમિયાન શહેરની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે. આ દરમિયાન ગોળીબારની ઘટનાઓ પછી શહેરમાં એક કાર દુર્ઘટના અને એક મોતની ઘટના પણ સામે આવી. પોલીસ સમગ્ર મામલાને જોડીને તપાસ કરી રહી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઈંગ્લેન્ડ ટીમ તાજેતરમાં જ ચોરીની ઘટનાનો પણ સામનો કરી ચૂકી છે. 14 જૂને ફ્લોરિડાથી ટ્રેનિંગ બેઝ પર મોકલવામાં આવી રહેલા સામાનને રસ્તામાં નિશાન બનાવવામાં આવ્યો હતો.



### રૂ.30,000 કરોડના આઈપીઓ માટે ડીઆરએચપી ફાઈલ કરાયુ

## LIC, SBI સહિતના શેરધારકો માલામાલ બનશે

મુંબઈ

લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી, એ નેશનલ સ્ટોક એક્સચેન્જે (એનએસઈ) આખરે તેના શેરોના રૂ.૩૦,૦૦૦ કરોડના મેગા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે ડ્રાફ્ટ પેપર સેબીમાં ફાઈલ કર્યા છે. જે આ વર્ષે ભારતના પ્રાઈમરી માર્કેટમાં સૌથી મોટું શેર વેચાણ બની રહેશે. આ સૂચિત આઈપીઓ ૧૪.૮૯ કરોડ જેટલો શેરોની સંપૂર્ણ ઓફર ફોર સેલ (ઓએફએસ) હશે. આઈપીઓ ફાઈલિંગ દેશના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે લગભગ એક દાયકાથી પબ્લિકમાં જવાનો પ્રયાસ કરી રહ્યું છે. એનએસઈએ સૌપ્રથમ ૨૦૧૬માં મૂડી બજાર નિયામક સેબીને ડ્રાફ્ટ આઈપીઓ ડોક્યુમેન્ટ




સબમિટ કર્યા હતા, પરંતુ ચાલુ નિયમનકારી તપાસને કારણે પ્રક્રિયા અટકી ગઈ હતી. ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ એનએસઈ ભારતનું સૌથી મોટું શેર બજાર છે અને વિશ્વનું સૌથી સક્રિય ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ છે. આ પગલું ૨૦૧૭માં હરીફ બીએસઈ લિમિટેડે શેર બજારમાં પ્રવેશ કર્યાના વર્ષો પછી આવ્યું છે, જે લિસ્ટેડ થનાર પ્રથમ ભારતીય એક્સચેન્જ બન્યું હતું. નવા ફાઈલિંગ સાથે, એનએસઈ એ વર્ષોના નિયમનકારી અવરોધોને દૂર કર્યા પછી પબ્લિક માર્કેટમાં પ્રવેશવાની યોજનાઓને પુનર્જીવિત કરી છે. જેનાથી રોકાણકારો માટે દેશની સૌથી મહત્વપૂર્ણ નાણાકીય સંસ્થાઓમાં એકમાં હિસ્સો ખરીદવાનો માર્ગ મોકળો થયો છે. એનએસઈમાં સંસ્થાકીય મોટા શેરધારકોમાં લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) હસ્તક ૧૦.૭ ટકા હોલ્ડિંગમાં ૨૬.૫ કરોડ શેરો ધરાવે છે, જેનું અંદાજીત મૂલ્ય રૂ.૫૩,૦૦૦ કરોડ જેટલું અંકાય છે. જ્યારે અરાન્દા ઈન્વેસ્ટમેન્ટ (મોરિશીયસ) પાસે રૂ.૨૧,૪૯૯ કરોડ મૂલ્યનું અને સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેરૂ.૨૦,૯૯૯ કરોડ મૂલ્યનું શેરહોલ્ડિંગ છે.

### અંબાણી પરિવાર અને શેરધારકો માટે ભાવુક ક્ષણ

## રિલાયન્સ AGM: JIOના IPOની સત્તાવાર જાહેરાત

### રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની 49મી વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને સંબોધતાં આ અંગેની સૌથી મોટી જાહેરાત કરી છે

મુંબઈ

લાંબા સમયની રાહ અને અટકળોનો અંત આવ્યો છે અને હવે રિલાયન્સ જિયોનું શેર બજારમાં લિસ્ટિંગ થવા જઈ રહ્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની 49મી વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને સંબોધતાં આ અંગેની સૌથી મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, જિયો પ્લેટફોર્મ્સના બોર્ડ દ્વારા આ મેગા IPO માટેના જરૂરી ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) મંજૂર કરી દેવામાં આવ્યા છે અને તેને આજે જ માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે ફાઈલ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ છે. આ જાહેરાત સાથે જ ભારતના ઈતિહાસના સૌથી મોટા ગણાતા આ IPOનો માર્ગ હવે મોકળો થઈ ગયો છે. મહત્ત્વની વાત એ છે કે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) દ્વારા પોતાના IPOના પેપર્સ સબમિટ કરાયાના બરાબર એક દિવસ બાદ જ જિયો દ્વારા પણ આ મોટું પગલું ભરવામાં આવ્યું છે. મુકેશ અંબાણીએ આ જાહેરાતને આખા રિલાયન્સ પરિવાર અને કરોડો શેરધારકો માટે ખૂબ જ ભાવુક ક્ષણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, 'રિલાયન્સ અને તેના રોકાણકારો વચ્ચેનો સંબંધ ગૌરવ, વિશ્વાસ અને સન્માનના પવિત્ર પાયા પર ટકેલો છે.' કંપનીના સ્થાપક ધીરુભાઈ અંબાણીના વિઝનને યાદ કરતા તેમણે કહ્યું કે, 'શેરધારકોની કમાણી વધારવી અને તેમનો વિકાસ કરવો એ જ અમારા ગ્રુપનો




મુખ્ય હેતુ રહ્યો છે. જે રીતે ધીરુભાઈ માટે આ બાબત ખૂબ જ ખાસ હતી, તેવી જ રીતે મારા માટે પણ શેરધારકો પ્રત્યેની આ પ્રતિબદ્ધતા એક પવિત્ર જવાબદારી સમાન છે.' આ મેગા IPO પ્રક્રિયાની સૌથી મોટી હાઈલાઈટ એ છે કે, મુકેશ અંબાણીની નવી પેઢી આ આખી પ્રક્રિયાનું નેતૃત્વ કરી રહી છે. મુકેશ અંબાણીએ શેરધારકોને જણાવ્યું કે, 'ઈશા અંબાણી, આકાશ અંબાણી અને અનંત અંબાણી આ જિયો IPOની પ્રક્રિયાની આગેવાની કરી રહ્યા છે. તેઓ જ ભવિષ્યમાં મૂલ્ય નિર્માણ (value creation)ની તકોનું નેતૃત્વ કરશે.' બજારના નિષ્ણાતો આ નિવેદનને રિલાયન્સના બિઝનેસમાં નવી પેઢીની મજબૂત પકડ અને નેતૃત્વના સંકેત તરીકે જોઈ રહ્યા છે. વર્ષ 2016માં શરૂ થયા પછી જિયોએ ભારતના ટેલિકોમ સેક્ટરની કાયાપલટ કરી નાખી છે અને આજે તે કરોડો ગ્રાહકો સાથે દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની બની ગઈ છે. માત્ર ટેલિકોમ જ નહીં, પણ જિયો હવે ડિજિટલ સર્વિસિસ, ક્લાઉડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ક્ષેત્રોમાં પણ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. મુકેશ અંબાણીએ પૂરા ભરોસા સાથે જણાવ્યું હતું કે, 'જિયોનું લિસ્ટિંગ સમગ્ર વિશ્વને બતાવી આપશે કે ભારત વૈશ્વિક સ્તરની અને પાવરફુલ ટેક્નોલોજી કંપનીઓ બનાવવાની પૂરી ક્ષમતા ધરાવે છે.' આ સાથે જ તેમણે નવા રોકાણકારોને ખાતરી આપી છે કે જિયોનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ભારતીય શેરબજારના પ્રાઈમરી માર્કેટમાં જબરદસ્ત તેજીનો માહોલ છે. નોંધનીય છે કે, લગભગ દસ વર્ષની લાંબી રાહ જોવડાવ્યા બાદ માત્ર એક જ દિવસ પહેલાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ પોતાના IPO માટેના પેપર્સ ફાઈલ કર્યા છે. હવે જિયોએ પણ આ દિશામાં મોટું કદમ ઉઠાવ્યું છે. જોકે, આ IPOની સાઈઝ કેટલી હશે, કંપનીનું વેલ્યુએશન શું હશે અને તે કઈ તારીખે શેરબજારમાં આવશે, તે સેબી (SEBI)ની મંજૂરી મળ્યા પછી જ જાણી શકાશે.

### Amazonથી નીચે સરકી મસ્કની કંપની SpaceX

## ચાંદીમાં એકઝાટકે ₹7,000 તો સોનામાં ₹2,600 થી વધુનો કડાકો

મુંબઈ

વૈશ્વિક બજારમાં બદલાતા આર્થિક સમીકરણોની સીધી અસર ભારતીય કોમોડિટી માર્કેટ પર જોવા મળી છે. MCX પર સોના અને ચાંદીના ભાવમાં મોટો સિંગલ-ડે કડાકો નોંધાયો છે. સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 2600 થી વધુ અને ચાંદીમાં પ્રતિ કિલોગ્રામ 7000 થી વધુનો આકરો ઘટાડો થતાં બજાર સંપૂર્ણપણે તૂટી ગયું છે. ચાંદીના ભાવની સ્થિતિ (MCX Silver Live) વાયદા બજારની માહિતી અનુસાર, ચાંદીના ભાવમાં અકલ્પનીય ઘટાડો નોંધાયો છે: જૂનો બંધ ભાવ (Prev. Close): 237572.00 પ્રતિ કિલોગ્રામ નવો ઓપન ભાવ (Open): 232371.00 દિવસનો સર્વોચ્ચ ભાવ (High): 233166.00 દિવસનો સૌથી નીચો ભાવ (Low): 230524.00 સમાચાર લખાવા સુધીની સ્થિતિ (Live Price): ચાંદી અત્યારે 230879.00 પર ટ્રેડ કરી રહી છે, જે આગલા બંધ ભાવથી -6693.00




(-2.82%) નો સીધો ઘટાડો દર્શાવે છે. જો દિવસના સૌથી નીચા સ્તરની સરખામણી કરીએ તો તેમાં મહત્તમ 7048 નો મોટો કડાકો આવી ચૂક્યો છે. સોનાના ભાવની સ્થિતિ (MCX Gold Live) બીજી બાજુ સોનાના ભાવમાં પણ મોટું ગાબડું પડ્યું છે. રોકાણકારો તેના કારણે મુંઝવણમાં મૂકાયા છે. જૂનો બંધ ભાવ (Prev. Close): 149309.00 પ્રતિ 10 ગ્રામ નવો ઓપન ભાવ (Open): 147175.00 દિવસનો સર્વોચ્ચ ભાવ (High): 147737.00 સૌથી નીચો ભાવ (Low): 146700.00 સમાચાર લખાવા સુધીની સ્થિતિ (Live Price): સોનું અત્યારે 146714.00 પર ટ્રેડ થઈ રહ્યું છે, જે આગલા બંધથી -2595.00 (-1.74%) નો ઘટાડો દર્શાવે છે. દિવસના સૌથી નીચા સ્તર (Low) ને સરખાવતા સોનામાં એક તબક્કે 2609 નો જંગી ઘટાડો નોંધાયો છે. કિંમતી ધાતુઓ તૂટવાના મુખ્ય કારણો બજારના આર્થિક નિષ્ણાતોના જણાવ્યા અનુસાર સોના-ચાંદીમાં આવેલા આ અચાનક કડાકા પાછળ બે મુખ્ય વૈશ્વિક કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે: યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરો (US Fed Reserve Rates): અમેરિકાની સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો યથાવત્ રાખવા અંગે લેવાયેલા કડક નિર્ણય બાદથી માર્કેટમાં અસ્થિરતા જોવા મળી રહી છે.

## સેન્સેક્સ 607 અંક ઘટીને 76,802 પર બંધ થયો

- નિફ્ટી પણ 154 અંક ઘટ્યો; IT શેરોમાં સૌથી વધુ વેચવાલી, ઇન્ફોસિસ 6% સુધી તૂટ્યો

મુંબઈ

શુક્રવારે IT શેરોમાં તીવ્ર ઘટાડાને કારણે સ્થાનિક શેરબજારો દબાણ હેઠળ ટ્રેડ થયા હતા. એક્સેન્ચરના નબળા આવકના અનુમાનને પગલે IT ક્ષેત્રની વૃદ્ધિ અંગે ચિંતાઓ વધુ તીવ્ર બની છે, જેની અસર ભારતીય બજારમાં પણ અનુભવાઈ હતી. શેરબજાર લાલ નિશાનમાં બંધ બપોરે 3.30 કલાકે નિફ્ટી 50 154.90 પોઈન્ટ અથવા 0.64 ટકા ઘટીને 24,013 પર ટ્રેડ કરી રહ્યો હતો.

દરમિયાન સેન્સેક્સ 607.08 પોઈન્ટ ઘટીને 76,802 પર બંધ રહ્યો હતો. સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજાર દબાણ હેઠળ બંધ થયું. નબળા વેચાણ અંદાજો અને વૈશ્વિક IT કંપની એક્સેન્ચરના નિરાશાજનક અંદાજને કારણે સ્થાનિક IT શેરો પર અસર પડી, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં ઘટાડો થયો. આઈટી સેક્ટરમાં વેચવાલી બેન્ચમાર્ક સૂચકાંકોમાં ઘટાડો હોવા છતાં, વ્યાપક બજાર પ્રમાણમાં સ્થિતિસ્થાપક રહ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે 0.22 ટકા અને 0.42 ટકાના વધારા સાથે બંધ થયા. જે સૂચવે છે કે પસંદગીના મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં રોકાણકારોનો રસ સતત રહ્યો છે. ઈન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) અને ટેક મહિન્દ્રા નિફ્ટી 50 પર ટોચના ઘટાડામાં સામેલ હતા. IT ક્ષેત્રમાં ભારે વેચવાલીથી બજારનો સેન્ટિમેન્ટ ધીમો રહ્યો. ક્ષેત્રીય કામગીરીની દ્રષ્ટિએ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો. વધુમાં રિયલ્ટી, ઓટો અને તેલ અને ગેસ ક્ષેત્રો દબાણ હેઠળ રહ્યા. તેનાથી વિપરીત, ફાર્મા શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો, જેના કારણે તે દિવસનો ટોચનો પ્રદર્શન કરનાર ક્ષેત્ર બન્યો.

# કાગળનો મોટો કોન્ટ્રાક્ટ મેળવવા વેપારીએ બનાવ્યું તમિલનાડુની કંપનીનું બોગસ સર્ટિફિકેટ

## મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ સ્ટોર મારફતે ઓફિસના કામ માટે ઝેરોક્ષના એ ફોર સાઈઝના પેપર મંગાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પેપર સપ્લાય કરવાના ટેન્ડર માટે કંપની માલિક દ્વારા ડીલરશીપનું ખોટું સર્ટીફીકેટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટેન્ડરમાં રજૂ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશનના સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા સર્ટિફિકેટની તપાસ કરતા ખોટા સહી સિક્કા વાળું સર્ટિફિકેટ રજુ કરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનરની મંજૂરી લીધા બાદ ઈમ્પ્રીન્ટ ટ્રેડર્સના માલિક કૃણાલ જયંતીલાલ શાહ વિરુદ્ધ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ સ્ટોર મારફતે ઓફિસના કામ માટે ઝેરોક્ષના એ ફોર સાઈઝના પેપર મંગાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ટેકનીકલ બીડમાં રજૂ કરવાના પુરાવાના ભાગરૂપે ઈમ્પ્રિન્ટ ટ્રેડર્સ દ્વારા TNPL કંપની દ્વારા આપવામાં આવેલા ડીલર સર્ટિફિકેટને રજુ કરવામાં આવ્યું હતું. જે બાદ પ્રાઈઝ ભીડ માટે આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

ત્યારબાદ સૌપ્રથમ લોએસ્ટ ટેન્ડર આ કંપનીનું ખુલ્યું હતું. જેથી તેમના દ્વારા ડીલર સર્ટીફીકેટ રજૂ કરવામાં આવ્યું હતું, તેમાં તમિલનાડુ ન્યુઝ પ્રિન્ટ પેપર લિમિટેડ લખી નીચે સહી અને સિક્કો કરવામાં આવ્યો હતો અને ઈમ્પ્રિન્ટ ટ્રેડર્સનો પ્રોપરાઈટરનો સિક્કો પણ મારવામાં આવ્યો હતો.

આ સમગ્ર ડોક્યુમેન્ટ અંગે તપાસ કરવા સેન્ટ્રલ રેકોર્ડ અને સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા ટેન્ડર ખોલીને તપાસ કરવામાં આવી હતી. ડીલરશીપ ઓથોરિટી લેટરની તપાસ કરવા માટે ડીલરશીપ કંપની તમિલનાડુ ન્યૂઝ પ્રિન્ટ પેપર લીમીટેડ ખાતે ઈ-મેલ કરીને લેટરની ખરાઈ કરવામાં આવી હતી. જેમાં ડીલરશીપ ઓથોરિટી લેટર ખોટો હોવાનું સામે આવ્યો હતો.

જેથી સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનરને જાણ કરવામાં આવતા વિજિલન્સ તપાસ આપવામાં આવી હતી. જે બાદ આ બાબતે કાયદેસર કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવતા ઈમ્પ્રિન્ટ ટ્રેડર્સના માલિક કૃણાલ શાહ વિરુદ્ધ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### » અવાચ્ય સહી-સિક્કા અને લોગોએ શંકા જગાડી

ટેન્ડરની શરતો મુજબ, વેપારીએ તમિલનાડુ ન્યૂઝપ્રિન્ટ એન્ડ પેપર્સ લિમિટેડ (TNPL) કંપનીનું સત્તાવાર ઓથોરિટી/ડીલરશીપ સર્ટિફિકેટ રજૂ કરવું અનિવાર્ય હતું. કૃણાલ શાહે રજૂ કરેલા સર્ટિફિકેટમાં કંપનીના નામ નીચે મારેલો સિક્કો અને સહી અવાચ્ય (ઓળખાય નહીં તેવી) જણાતા ટેન્ડર વિભાગના સ્ટાફને શંકા ગઈ હતી.

### » AMCની વિજિલન્સ તપાસમાં કૌભાંડ ખૂલ્યું

સેન્ટ્રલ સ્ટોરના ટેકનિકલ સ્ટાફે વધુ ચકાસણી માટે મૂળ કંપની (TNPL)નો ઈમેલ દ્વારા સંપર્ક સાધ્યો હતો. કંપની તરફથી સત્તાવાર જવાબ મળ્યો કે, ઈમ્પ્રીન્ટ ટ્રેડર્સ દ્વારા રજૂ કરાયેલું ડીલરશીપ સર્ટિફિકેટ તદ્દન ખોટું અને બનાવટી છે.

આ ગંભીર બાબત સામે આવતા જ મ્યુનિસિપલ કમિશનરના આદેશથી વિજિલન્સ વિભાગ દ્વારા આખી તપાસ હાથ ધરવામાં આવી હતી, અને અહેવાલના આધારે કાયદેસરની કાર્યવાહી નક્કી કરાઈ હતી.

### » ગાયકવાડ હવેલી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા

આખરે AMCના આસિસ્ટન્ટ મેનેજર પ્રકાશચંદ્ર મકવાણાની ફરિયાદના આધારે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં આરોપી વેપારી કૃણાલ શાહ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 336(2), 336(3) અને 340(2) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે



# દાણાપીઠમાં AMCની હાઈલેવલ બેઠક : ચોમાસા સામે શહેરને સુરક્ષિત રાખવા પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન ફાઇનલ!

## આ હાઈલેવલ બેઠકમાં સ્માર્ટ સિટી અમદાવાદ ચોમાસામાં પાણી-પાણી ન થઈ જાય તે માટે તંત્ર દ્વારા અત્યાર સુધી થયેલી કામગીરીની આકરી સમીક્ષા કરવામાં આવી હતી

અમદાવાદ

ચોમાસાના આગમન આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એક્શન મોડમાં આવી ગયું છે. આજે દાણાપીઠ સ્થિત મુખ્ય કચેરી ખાતે અમદાવાદને મેઘરાજાના પ્રકોપથી બચાવવા અને નાગરિકોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્રિ-મોન્સૂન સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ચોમાસા દરમિયાન ઊભી થનારી સંભવિત આફતો અને તેના કાયમી ઉકેલ અંગે વિસ્તૃત બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.



આ હાઈલેવલ બેઠકમાં સ્માર્ટ સિટી અમદાવાદ ચોમાસામાં પાણી-પાણી ન થઈ જાય તે માટે તંત્ર દ્વારા અત્યાર સુધી થયેલી કામગીરીની આકરી સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને શહેરમાં વરસાદી પાણીના ઝડપી નિકાલ, કેચપીટ અને ગટર-ડ્રેનેજ લાઈનોની સફાઈની સ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો. દર વર્ષે જે વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે, તેવા નીચાણવાળા હોટસ્પોટ વિસ્તારો પર આ વખતે વિશેષ વોચ રાખવા અને ત્યાં અત્યારથી જ પંપિંગ સ્ટેશનો સજ્જ કરવા કડક આદેશો આપવામાં આવ્યા છે.

ભારે વરસાદ દરમિયાન અંડરપાસ બંધ થવાના કારણે વાહનચાલકો અટવાઈ પડે છે અને ટ્રાફિક જામની ભયાવહ સ્થિતિ સર્જાય છે. આ સમસ્યાના કાયમી નિવારણ માટે અંડરપાસ ખાતે સેન્સર અને ટ્રાફિક મેનેજમેન્ટ તેમજ તૂટેલા રસ્તાઓના તાત્કાલિક પેચવર્ક અંગે પણ બેઠકમાં ગંભીર ચર્ચા થઈ હતી. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે AMCની ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો (ERT) અને કંટ્રોલ રૂમને ૨૪ કલાક એલર્ટ મોડ પર રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

# સાણંદના ડરણ ગામે ખેડૂતોની મંજૂરી વિના પાઇપલાઇન નાખતા હોબાળો, પોલીસ કાફલો તહેનાત

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ડરણ ગામે તંત્ર અને ખેડૂતો સામસામે આવી જતાં ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. સાણંદ સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોને કોઈ પણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વિના, વળતર ચૂકવ્યા વિના કે તેમની મંજૂરી લીધા વગર જ ખેતરોમાં પાણીના નિકાલની પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરાતા વિવાદ વકર્યો છે. આ કામગીરી સામે રોષે ભરાયેલા ખેડૂતો અને મહિલાઓએ એકઠા થઈને સિંચાઈ વિભાગની કામગીરી અટકાવી દીધી હતી. ઘટનાને પગલે સાણંદ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, સિંચાઈ વિભાગની કામગીરીનો વિરોધ કરી રહેલા ખેડૂતોને રોકવા માટે પોલીસ તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. જેને પગલે આક્રોશિત ખેડૂતોએ પોલીસ પ્રશાસન સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ખેડૂતોનું કહેવું છે કે, અમે પોતાના હક અને ફળદ્રુપ જમીન બચાવવા માટે શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા છીએ, છતાં પોલીસ અમારી સાથે એવું વર્તન કરી રહી છે જાણે અમે કોઈ આતંકી હોઈએ. પોલીસના આ પ્રકારના દમનકારી વલણને લઈને ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અમદાવાદમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા

# શાહપુર વાસુદેવ ત્રિપાઠી હોલ પાસે જાહેરમાં શૌચક્રિયા છતાં તંત્ર ઘોર નિદ્રામાં

અમદાવાદ

મહાત્મા ગાંધીના ગુજરાતમાં અને સ્માર્ટ સિટી અમદાવાદમાં એક તરફ કરોડો રૂપિયાના ખર્ચે સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો ફૂંકવામાં આવી રહી છે, તો બીજી તરફ ગ્રાઉન્ડ રિયાલિટી કંઈક ઓર જ ચિત્ર બયાન કરી રહી છે. અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી વાસુદેવ ત્રિપાઠી હોલની દીવાલો અને તેની આસપાસનો ખુલ્લો વિસ્તાર અત્યારે વહીવટી તંત્રની નિષ્ફળતાની ચાડી ખાઈ રહ્યો છે.

આ સરકારી હોલની આસપાસ જનજાગૃતિ માટે સ્વચ્છતાની મોટી-મોટી જાહેરાતો અને ચિત્રો દોરવામાં આવ્યા છે, પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે આ ચિત્રોની બિલકુલ નીચે જ લોકો બેખૌફ થઈને ખુલ્લામાં પેશાબ કરતા નજરે પડે છે. જાહેરાતો માત્ર કાગળ પર કે દીવાલો પર શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગઈ છે અને પ્રત્યક્ષ રીતે સ્વચ્છતા



અભિયાનનો કોઈ જ અમલ થતો હોય તેવું દેખાતું નથી.


સ્થાનિક તંત્રની આ ઘોર બેદરકારીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી રાહદારીઓ અને સ્થાનિક રહીશોનું જીવવું મુશ્કેલ બન્યું છે. રોગચાળો ફાટી નીકળે તેવી પૂરેપૂરી દહેશત વર્તાઈ રહી છે. જો સરકાર ખરેખર સ્વચ્છતા અભિયાનના હેતુને સાર્થક કરવા માંગતી હોય, તો માત્ર કાગળ પર વાતો કરવાના બદલે જાહેરહિતમાં આ સ્થળે તાત્કાલિક અસરથી 'પબ્લિક યુરિનલ વાન' અથવા મોબાઈલ ટોયલેટ મૂકવાની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે.

તંત્ર જાગશે કે પછી આવી જ રીતે સરકારી નાણાંનો ધુમાડો કરીને સ્વચ્છતાના નામે નાટક ચાલતું રહેશે? 'પાક્કો ગુજરાત ન્યૂઝ' જનતાના હિતમાં આ ગંભીર મુદ્દે તંત્ર પાસેથી તાત્કાલિક એક્શનની માંગ કરે છે.

બગોદરા-ધંધુકા હાઈવે પર ભયાનક અકસ્માત

# ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કારે 7 ગુલાંટ મારી : એકનું મોત નીપજ્યું

## અકસ્માત થતાં જ હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી



અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બગોદરા-ધંધુકા હાઈવે પર આજે (19મી જૂન) અકસ્માત સર્જાયો છે. હાઈવે પર આવેલા ધીંગડા ગામ નજીક એક કારચાલકે સ્ટીયરિમગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે કારે હવામાં છથી સાત ગુલાંટ ખાધી હતી અને 100 મીટર સુધી ઢસડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બે વર્ષના બાળકને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, કારમાં સવાર મુસાફરો સુરતથી પોતાના વતન ઉના જઈ રહ્યા હતા. તે દરમિયાન બગોદરા-ધંધુકા હાઈવે પર ધીંગડા ગામ નજીકથી પસાર થતી વખતે અચાનક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી કાર રસ્તા પર જ છથી સાત વખત પલટી મારી ગઈ હતી અને રોડ પર 100 મીટર સુધી ઘસડાતા કારનો કુરચો બોલી ગયો હતો.

અકસ્માત થતાં જ હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. જ્યારે કારમાં સવાર બે વર્ષના માસૂમ બાળકને ગંભીર ઈજાઓ થઈ હોવાથી બગોદરા ૧૦૮ની ટીમ દ્વારા તેને તાત્કાલિક પ્રથમ બગોદરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર માટે ખસેડાયું હતું.

લાખોના ખર્ચે થયેલા સફાઈ અભિયાનના નામે મોટો ભ્રષ્ટાચાર?

# ભગવાન જગન્નાથની જળયાત્રા પહેલા જ સાબરમતી નદી બની 'મૃત્યુઘાટ'!

- સફાઈ અભિયાનના નામે માત્ર નાટક અને તાયફા?
- શું આ જ ગંદા પાણીથી થશે પ્રભુનો જળાભિષેક?
- કરોડો રૂપિયા પાણીમાં વહાવી દીધા પછી પણ નદીમાં ગંદકી અને મોતના ઢગલા!

અમદાવાદ

અમદાવાદની શાન ગણાતી સાબરમતી નદી આજે કરોડો હિન્દુઓની આસ્થા અને તંત્રની નાકામી વચ્ચે ઘેરાઈ ગઈ છે. આગામી ૨૨ જૂનના રોજ ભગવાન જગન્નાથની પવિત્ર જળયાત્રા યોજાવા જઈ રહી છે, જેની તડામાર તૈયારીઓ વચ્ચે સાબરમતી નદીમાંથી એક અત્યંત ચોંકાવનારી અને શરમજનક તસવીર સામે આવી છે. નદીના પટમાં હજારોની સંખ્યામાં મૃત માછલીઓના ઢગલા જોવા મળતા સમગ્ર શહેરમાં હાહાકાર મચી ગયો છે. તંત્રના પાપે પવિત્ર ગણાતી નદી આજે પ્રદૂષણનું કેન્દ્ર બની ગઈ છે.

હજુ હમણાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સાબરમતી નદીમાં કરોડો રૂપિયાના ખર્ચે ભવ્ય સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હોવાના મોટા-મોટા દાવા કરવામાં આવ્યા હતા. સવાલ એ થાય છે કે જો સફાઈ થઈ હતી, તો પછી નદીનું પાણી આટલું ઝેરી કેવી રીતે થઈ ગયું કે હજારો મૂગા જીવોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા? આ સફાઈ અભિયાન માત્ર કાગળ પર હતું કે પછી જનતાના ટેક્સના પૈસાથી અધિકારીઓએ પોતાના ગજવા ભર્યા? સફાઈના નામે માત્ર ભ્રષ્ટાચારનો ખેલ ખેલાયો હોવાના સીધા આક્ષેપો ઉઠી રહ્યા છે.

દર વર્ષની પરંપરા મુજબ, અષાઢી બીજની રથયાત્રા પહેલા સાબરમતી નદીના સોમનાથ ભૂવારા ના ઘાટ પરથી પવિત્ર જળ ભરીને ભગવાન જગન્નાથનો જળાભિષેક કરવામાં આવે છે. પરંતુ અત્યારે નદીની જે સ્થિતિ છે તે જોઈને ભક્તોનું દિલ કૂદી પડ્યું છે. જે નદીમાં માછલીઓ મરી રહી છે, જેનું પાણી કેમિકલ અને ગંદકીથી કાળું પડી ગયું છે, શું તેવા અપવિત્ર અને ગંદા પાણીથી નાથનો જળાભિષેક કરાશે? આ સીધેસીધું કરોડો ભક્તોની આસ્થા સાથે ઘોર અપમાન છે.

પાલિકાની ઘોર બેદરકારી: પ્રદૂષણ માફિયાઓ સામે કેમ મૌન?

કરોડો રૂપિયાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ધૂળ ખાઈ રહ્યા છે અને ફેક્ટરીઓનું ઝેરી કેમિકલ યુક્ત પાણી સીધેસીધું સાબરમતી નદીમાં ઠલવાઈ રહ્યું છે. તંત્ર બધું જાણતું હોવા છતાં આંખ આડા કાન કરીને બેઠું છે. જ્યારે પણ કોઈ તહેવાર આવે ત્યારે તંત્ર જાગે છે અને તહેવાર પૂરો થતાં જ ફરી કુંભકર્ણ નીંદ્રામાં પોઢી જાય છે.

પાક્કો ગુજરાતનો સીધો સવાલ:

કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ સાબરમતી નદી ગંદા નાળા જેવી કેમ દેખાય છે?

સફાઈ અભિયાનની જાહેરાત કરનારા અધિકારીઓ આ મૃત માછલીઓના ઢગલા જોઈને ક્યારે એક્શન લેશે?

ભગવાનની જળયાત્રા પહેલા નદીને શુદ્ધ કરવા માટે કોઈ ઠોસ પગલાં લેવાશે કે પછી માત્ર વાતોના વડા જ થશે?

અમદાવાદીઓ અને જગન્નાથના ભક્તો હવે આ મામલે સત્તાધીશો પાસે તાત્કાલિક જવાબ અને કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

# ખોખરા મ્યુનિ. ગાર્ડન પાસે પાઇપલાઇન તૂટી જતાં હજારો લિટર પાણી વેડફાયું થયું

## સવારે 8 વાગ્યા સુધી પાણી સપ્લાયનો સમય હોય છે ત્યાં સુધી પાણી રોડ પર વેડફાતા બંધ કરવા મ્યુનિસિપલના ઇજનેર ખાતાના કોઈ અધિકારીઓ કે કર્મચારીઓ ફરક્યા નહી



અમદાવાદ

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં ગાર્ડન નજીક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેના કારણે હજારો લિટર પાણીનો બગાડ થયો હતો. વહેલી સવારે પાઈપલાઈનમાં ભંગાણ થયું હતું. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ખોખરા વોર્ડના ઈજનેર વિભાગના અધિકારીઓના ધ્યાને તાત્કાલિક આ બાબત આવી નહીં અને તેમણે ધ્યાન આપ્યું નહીં. સવારના સપ્લાય સમય સુધી પાણી બંધ ન કરવામાં આવતા હજારો લિટર પાણીનો વ્યય થયો હતો.

મળતી માહિતી મુજબ ખોખરા મ્યુનિસિપલ ગાર્ડન પાસે આજે (19 જૂન)ના રોજ વહેલી સવારે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેના કારણે ખોખરા સરકારી રુક્ષ્મણી હોસ્પિટલ સુધીના રોડ પર પાણી ફરી મળ્યા હતા.

સવારે 8 વાગ્યા સુધી પાણી સપ્લાયનો સમય હોય છે ત્યાં સુધી પાણી રોડ પર વેડફાતા બંધ કરવા મ્યુનિસિપલના ઈજનેર ખાતાના કોઈ અધિકારીઓ કે કર્મચારીઓ ફરક્યા નહી. ખોખરા મ્યુનિસિપલ સબઝોનલ કચેરી 500 મીટર આગળ આવેલી હોવા છતાં અધિકારીઓ વેડફાઈ રહેલા પાણી ને બંધ કરવા બેજવાબદાર બન્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI